# આધ્યાત્મિક કેડી

તંત્રી : સંપાદક : કૈલાસબહેન એન. પરીખ




॥ પરમ તેજદાત્રી મા ગાયત્રી ॥

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ૐ ॥

વર્ષ ૫ ] જાન્યુઆરી ૧૯૮૬ [ અંક ૧

Scanned by CamScanner

# શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

## અમદાવાદ–૧૬

[ રજી. નં. ૩૩૬૧ ]

ગાયત્રી ઉપાસક પૂજ્ય શ્રી શાસ્ત્રીજીએ ( નરેન્દ્રભાઈ બી. દવે ) માર્ચ ૧૯૭૫થી મા ગાયત્રીના આદેશથી લોકસેવાનો અભિગમ સ્વીકાર્યો છે. આધિ–વ્યાધિ–ઉપાધિથી ત્રસ્ત વ્યક્તિઓને વ્યક્તિગત મુલાકાત આપી તેમના પ્રશ્નો સુલઝાવવાનો પ્રયત્ન તેઓ વિના મૂલ્યે કરી રહ્યા છે. અસાધ્ય બિમારીથી વ્યથિત વ્યક્તિઓને પૂજ્યશ્રી મા ગાયત્રીના આદેશ અને માર્ગદર્શન અનુસાર શક્તિપ્રદાનની સારવાર આપી રોગમુક્ત કરવાનો પ્રયાસ કરે છે. અભિમંત્રિત જીવનજળ માનવીનું જીવન બનાવે છે અને જીવન બચાવે છે.

ભારતમાં અને વિદેશોમાં પૂજ્યશ્રીની સેવાનો લાભ વિશાળ જનસમુદાયે લીધો છે અને લઈ રહ્યા છે. યંત્રયુગમાં જીવતાં માનવીને આધ્યાત્મિક શરણનો સીધો, સરળ રાહ બતાવી માનસિક શાંતિનો અનુભવ કરાવે છે.

પૂજ્યશ્રીના આ અનોખા અને વિરલ કાર્યયજ્ઞનો લાભ કોઈ પણ જ્ઞાતિ, જાતિ, ધર્મ કે સમ્પ્રદાયના વિશાળ જનસમુદાયને મળી શકે તેવા શુભ આશયથી પૂજ્યશ્રીની પ્રેરણા અને મા ગાયત્રીની કૃપાથી **શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ**ની સ્થાપના કરવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે.

**આ ટ્રસ્ટના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે :**

(૧) ગરીબ તથા જરૂરવાળા માણસોને દરેક પ્રકારે મદદ કરવી.
(૨) કોઈ પણ પ્રકારના શિક્ષણના ક્ષેત્રમાં મદદ કરવી.
(૩) આધ્યાત્મિક સારવાર–કેન્દ્ર સ્થાપી અસાધ્ય બિમારીમાંથી લોકોને રાહત અપાવવી.
(૪) કુદરતી આફતમાં સપડાયેલાઓને સહાયરૂપ થવું.
(૫) વિશ્વબંધુત્વની ભાવના કેળવી માનવજાતને દરેક વિષમ પરિસ્થિતિમાં સહાયરૂપ થવું.

અમારા આ નમ્ર પ્રયાસને આપ વધાવી લેશો અને વેગવંતો બનાવશો તેવી નમ્ર વિનંતી.

આભાર સહ.


સરનામું :
કે. એન. પરીખ
મેદનનો બંગલો, સીવીલ હોસ્પીટલ કમ્પાઉન્ડ,
અસારવા, અમદાવાદ–૧૬. (ગુજરાત) (ઇન્ડિયા)
ફોન : ૬૭૯૯૭

કે. એન. પરીખ
મેનેજિંગ ટ્રસ્ટી
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ


Scanned by CamScanner

# આધ્યાત્મિક કેડી

વર્ષ ૫ ] • જાન્યુઆરી : ૧૯૮૬ • [ અંક ૧ લો

## અનુક્રમણિકા

૧. 'આધ્યાત્મિક કેડી'ના પ્રકાશન અંગે ... ... ૩
૨. શ્રદ્ધા ... ... ... ... ... ૫
૩. પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં... ... ... ૯
૪. છબીમાં બિરાજેલ માતાજી સાક્ષાત્ છે! ... ... ૧૧
૫. આત્મગુંજન-૮ ડૉ. કાન્તિલાલ કાલાણી ૧૩
૬. આધ્યાત્મિક કેડી: પુરશ્ચરણના ભીતરમાં ... ... ૧૬
૭ સંત ચિદંબરસ્વામી શ્રી સત્યમ્ ... ... ૨૧
૮. ઑપરેશનમાંથી ઊગરી ગયા ... ... ... ૨૫
૯. જ્ઞાનગોષ્ઠિ ... ... ... ... ... ૨૭
૧૦. પ્રાર્થના (કાવ્યપ્રસાદ) ... ... ... ૨૯
૧૧. સમાચાર ... ... ... ... ... ૩૧

☐

### આપે આપનું લવાજમ રીન્યુ કરાવ્યું?

૧૯૮૬ ના વર્ષ માટે, 'આધ્યાત્મિક કેડી'નું આપનું લવાજમ રીન્યુ કરાવી લેશો. આ ત્રૈમાસિકના વર્ષમાં ચાર અંક પ્રસિદ્ધ થાય છે:

જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ, ઑક્ટોબર

આ ત્રૈમાસિક અંક
જાન્યુઆરી,
એપ્રિલ,
જુલાઈ
અને
ઑક્ટોબર
માસમાં
પ્રગટ થશે.

☐

વાર્ષિક લવાજમ
રૂપિયા દશ

☐

પ્રકાશક :
શ્રી કૈલાસબહેન એન. પરીખ
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
મેટ્રન ક્વાર્ટર્સ,
ન્યુ સીવીલ હૉસ્પિટલ કમ્પાઉન્ડ,
અસારવા,
અમદાવાદ – ૩૮૦૦૧૬

☐

મુદ્રક :
કાન્તિભાઈ મ. મિસ્ત્રી,
આદિત્ય મુદ્રણાલય,
રાયખડ,
અમદાવાદ – ૩૮૦૦૦૧

Scanned by CamScanner





# 'આધ્યાત્મિક કેડી'ના પ્રકાશન અંગે

'આધ્યાત્મિક કેડી'નું પ્રકાશન પ્રથમ વર્ષમાં પ્રવેશે છે ત્યારે વાચકોના હાથમાં વર્ષનો આ પ્રથમ અંક મૂકતાં આનંદ થાય છે.

'આધ્યાત્મિક કેડી'નો ઉદ્દેશ વાચકોને ઉપાસના અંગે સચોટ પ્રકાશ પૂરો પાડવાનો છે. ઉપાસના અંગે જનસમાજમાં ઠીક ઠીક રસ જાગ્રત થયો છે અને તે તરફ વળવાનો પુરુષાર્થ મોટા ભાગનાં લોકોમાં જાગ્રત થતો જોવા મળે છે, તેમ છતાં ઉપાસના અંગે અનેક મૂંઝવણો, શંકાઓ, તર્ક, ભીતિ વગેરે પણ જનમાનસમાં પ્રવર્તતાં રહે છે. તેમને સચોટ, સરળ ને સાચી માહિતી દર્શાવવાનો ઉપક્રમ 'આધ્યાત્મિક કેડી' દાખવી રહ્યું છે. ઉપાસનાનાં વિવિધ પાસાંઓ, ગાયત્રી-ઉપાસના દ્વારા લોકોને થતા શારીરિક-માનસિક તેમ જ આધ્યાત્મિક અનુભવો, ઉપાસના અંગે ઉદ્‌ભવતા પ્રશ્નો વગેરે રોજબરોજના વ્યવહારમાં ઉપયોગી ને માર્ગદર્શક બને તે રીતે રજૂ કરવાનો પ્રયાસ કરીએ છીએ. પૂ. ગુરુદેવનું માર્ગદર્શન અને પ્રેરણા સતત મળતાં રહે છે. તદનુસાર 'આધ્યાત્મિક કેડી'નું પ્રકાશન આગળ ધપી રહ્યું છે. આશા છે એમાંથી વાચકોને પ્રેરણા અને માર્ગદર્શન મળતા રહેશે.

'આધ્યાત્મિક કેડી'ના વાચકોને પૂ. ગુરુદેવના આશીર્વાદ છે. તેઓ સૌને એક જ વાત કહે છે કે કોઈ પણ પ્રકારની બાહ્ય પળોજણોમાં ઊતર્યા વિના, સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિથી, મા-બાળકનો સમ્બન્ધ કેળવી, મન, વચન અને કર્મથી પવિત્ર રહી ત્રિપદા ગાયત્રી-મહામંત્રનો જપ કરો. દરરોજ ત્રણ માળા કરવાનો નિયમ કરો. અવશ્ય માનસિક શાંતિ પ્રાપ્ત થશે. આજના સમયમાં સુખ અને શાંતિ પામવાનો આ જ એક માત્ર માર્ગ છે.

આપણે પૃથ્વી પર આવ્યાં છીએ, પણ પાછા જવાનું છે. પાછા જવાના માર્ગને આધ્યાત્મિક બનાવવાનો છે. આપણે સૌ કોઈક ને કોઈક કેડીએ તો ચાલતા જ રહીએ છીએ, પણ આપણી એ કેડીને-માર્ગને આધ્યાત્મિક માર્ગ બનાવવાની જરૂર છે જે માર્ગે આપણો આ લોક ને પરલોક ઉજ્જવળ બની શકે. એ દિશામાં પ્રયાસ કરવાનો છે. વ્યક્તિના એ પ્રયાસ અને પુરુષાર્થમાં 'આધ્યાત્મિક કેડી' દીવાદાંડી સમાન બની રહેશે.




Scanned by CamScanner

કોઈ પણ વ્યક્તિ 'આધ્યાત્મિક કેડી'નો સભ્ય-ગ્રાહક થઈ શકે છે. કોઈ પણ વ્યક્તિ જ્ઞાતિ-જાતિ, ધર્મ કે સમ્પ્રદાયના ભેદભાવ વિના પૂ. ગુરુદેવના સાન્નિધ્યમાં આવી શકે છે અને માર્ગદર્શન પ્રાપ્ત કરી શકે છે. પૂ. ગુરુદેવ સૌને આવકારે છે અને અપનાવે છે.

આ 'આધ્યાત્મિક કેડી' ત્રૈમાસિક છે એટલે કે દર ત્રણ મહિને પ્રગટ થાય છે. જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઑક્ટોબરની પંદરમી તારીખે આ ત્રૈમાસિકના અંકો પ્રગટ થાય છે. અંકનું લવાજમ રૂા. ૧૦) છે. લવાજમ રુબરુમાં અથવા મની ઑર્ડરથી – **મેનેજિંગ ટ્રસ્ટી શ્રી કે. એન. પરીખ, ન્યૂ સિવિલ હોસ્પીટલ કમ્પાઉન્ડ, મેટ્રન કવાર્ટર્સ, ન્યૂ બોયઝ મેડીકલ હોસ્ટેલ સામે, અસારવા, અમદાવાદ-૩૮૦૦૧૬** સરનામે મોકલી શકાશે.

વાચકોનો સહકાર અવિરત પ્રાપ્ત થતો રહ્યો છે. સભ્યોની સંખ્યા દિનપ્રતિદિન વધતી રહી છે.

સૌને પૂ. ગુરુદેવના આશિષ સહ
**કે. એન. પરીખના**
જય ગાયત્રી

□


# ધી વિજય કો. ઓ. બેન્ક લિ૦

## અમદાવાદ

**રજી. ઑફીસ : નરોડારોડ, અમદાવાદ-૨૫ □ ફોન નંબર-૩૭૧૪૦૫ / ૩૭૪૪૭૯**
**મુખ્ય ઑફીસ : 'નોબલ્સ', નહેરુબ્રીજ સામે, આશ્રમરોડ, અમદાવાદ.**
**ફોન નંબર : ૭૭૬૯૮૭ / ૮૮ / ૭૯૫૩૭**

**સ્થાપના : તા. ૨૨-૨-૧૯૩૭ * ઓડીટ : વર્ગ 'અ' * શાખાઓ : ૯**

| | | |
|---|---|---|
| બેંકની અધિકૃત શેરમુડી | : | રૂ. ૧ કરોડ ૫૦ લાખ |
| ભરપાઈ થયેલ શેરમુડી | : | રૂ. ૧ કરોડ ૯ લાખ |
| થાપણો | : | રૂ. ૯ કરોડ ૫૫ લાખ |
| ધિરાણો | : | રૂ. ૧૩ કરોડ ઉપરાંત |

| ચન્દ્રવદન આઈ. શાહ | હરિભાઈ પી. પટેલ | નટવરલાલ એ. પટેલ | વી. વી. વરદરાજન |
|---|---|---|---|
| ચેરમેન | વાઈસ ચેરમેન | મેનેજિંગ ડિરેક્ટર | જનરલ મેનેજર |




Scanned by CamScanner

# શ્રદ્ધા

વ્યક્તિને વ્યક્તિનું કર્મ જ બંધનકારક નીવડે છે. કર્મના પ્રભાવે ને બળે જન્મ–મૃત્યુના ચક્રમાં ફરતો રહે છે. મનુષ્ય આ ચક્રમાંથી સંપૂર્ણપણે મુક્ત તો ન થઈ શકે, પણ એ ચક્રમાં ફસાયા પછી એ ચક્રની જટિલ ગતિવિધિને કેવી રીતે સરળ બનાવવી તે માટે આપણાં અનેક શાસ્ત્રોમાં ઉપાયો બતાવ્યા છે. જ્ઞાન, કર્મ, યોગ ને ભક્તિ, અને એ બધાનો આધાર શ્રદ્ધા પર છે. એટલે આ શ્રદ્ધા પણ ઈશ્વરની જેમ જ સર્વવ્યાપક, સર્વશક્તિમાન, સનાતન ને સત્ય તત્ત્વ છે. ઈશ્વર-ઈશ્વરની ઉપાસના અને શ્રદ્ધા એકમેકનાં પૂરક છે. શ્રદ્ધા વિના ઈશ્વરની ઉપાસના નિરર્થક છે અને ઈશ્વરની ઉપાસના વિનાની કેવળ શ્રદ્ધા પણ નકામી છે.

ઈશ્વર અને શ્રદ્ધાનું સામંજસ્ય–સમન્વયની વાતો પરાપૂર્વકાળથી થતી આવી છે, જેનો કોઈ પણ કાળે, કોઈ પણ સમયે લેશ માત્ર પરિહાર થઈ શકે તેમ નથી.

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં અનેક ઠેકાણે શ્રીકૃષ્ણ ભગવાને શ્રદ્ધા પર ભાર મૂકીને તેની મહત્તા દર્શાવી છે.

કર્મના બંધનમાંથી ઊગરવા માટે ભગવાન એક ઉપાય બતાવે છે ને તે છે શ્રદ્ધા ને શરણાગતિ. ભગવાન કહે છે :

> યે મે મતમિદં નિત્યમનુતિષ્ઠન્તિ માનવા: ।
> શ્રદ્ધાવન્તોઽનસૂયન્તોમુચ્યન્તે તેઽપિ કર્મભિ: ॥ (૩. ૩૧)

શ્રદ્ધાવાળા, દ્વેષ ત્યજીને જે કોઈ મનુષ્યો મારા આ અભિપ્રાય પ્રમાણે ચાલે છે તેઓ પણ કર્મ-(–ના બંધન)થી મુક્ત થઈ જાય છે.

ભગવાન શ્રીકૃષ્ણે અનેક જગ્યાએ શ્રદ્ધાનો ઉલ્લેખ કરીને તેના પર ભાર મૂક્યો છે.

શ્રદ્ધાત્રય વિભાગયોગ નામના સત્તરમા અધ્યાયમાં તેમણે શ્રદ્ધાના ત્રણ પ્રકાર દર્શાવ્યા છે. તેમણે કહ્યું છે :

> ત્રિવિધા ભવતિ શ્રદ્ધા દેહિનાં સા સ્વભાવજા ।
> સાત્ત્વિકી રાજસી ચૈવ તામસી ચેતિ તાં શ્રૃણુ ॥ (૧૭. ૨)

દેહીના સ્વભાવથી ઉત્પન્ન શ્રદ્ધા ત્રણ પ્રકારની છે — સાત્ત્વિકી, રાજસી ને તામસી.

> સત્ત્વાનુરૂપા સર્વસ્ય શ્રદ્ધા ભવતિ ભારત ।
> શ્રદ્ધામયોઽયં પુરુષો યો યચ્છ્રદ્ધ: સ એવ સ: ॥ (૧૭. ૩)

હે ભારત ! સર્વની શ્રદ્ધા સત્ત્વને અનુરૂપ હોય છે. આ પુરુષ (પરમાત્મા) શ્રદ્ધામય છે, જેને જેવી શ્રદ્ધા હોય તેવો જ તે થાય.

અને ઉલ્લે —

> અશ્રદ્ધયા હુતં દત્તં તપસ્તપ્તં કૃતં ચ યત્ ।
> અસદિત્યુચ્યતે પાર્થ ન ચ તત્પ્રેત્ય નો ઈહ ॥ (૧૭. ૨૮)

હે પાર્થ ! અશ્રદ્ધાથી હોમેલું, આપેલું, તપેલું, કરેલું હોય તે અસત્ કહેવાય છે, તે આ લોકમાં કે પરલોકમાં (લાભ આપનાર) નથી.



Scanned by CamScanner

આમ માનવીના સમસ્ત જીવન, સંસાર, કર્મ ને આધ્યાત્મિકતાનો સઘળો આધાર શ્રદ્ધા ઉપર છે. શ્રદ્ધા જ માનવીના જીવન, સંસાર, કર્મ ને આધ્યાત્મિકતાને ઘડે છે. શ્રદ્ધા વિનાનો માનવી પશુ સમાન છે. શ્રદ્ધાવાળો માનવી સાત્ત્વિક છે. ને સાત્ત્વિક છે તેથી જ તે શ્રદ્ધાવાળો બને છે. માનવીના આચાર-વિચાર-આહાર શ્રદ્ધા પર અવલંબિત છે. જે શ્રદ્ધાયુક્ત છે તેના આચાર-વિચાર-આહાર પણ સાત્ત્વિક જ હોય છે.

જીવન ને સંસારનો સઘળો વ્યવહાર કેવળ શ્રદ્ધા દ્વારા જ શક્ય ને સંભવિત બને છે. એ જ શ્રદ્ધા દ્વારા માનવી અધ્યાત્મિકતાને અભિમુખ બની ઈશ્વરને ઉપાસી શકે છે—એ શ્રદ્ધા દ્વારા જ ઈશ્વરને ઉપાસવાનો છે. પણ, તે કેવી રીતે બને?

ભય, મોહ ને વિષાદને કારણે માનવીની સર્વ શક્તિઓ અર્જુનની જેમ હણાઈ ચૂકી હોય, મનમાં વેદનાનાં વાદળો ઘેરાયેલાં હોય ત્યાં તેને શ્રદ્ધા રાખવાનો વિચાર જ કેવી રીતે ઉદ્‌ભવે? શ્રદ્ધા કેવી રીતે સેવી શકે? ઈશ્વરથી તો તે સમ્પૂર્ણપણે અજ્ઞાત છે. ઈશ્વર અકળ, અદષ્ટ, અગોચર છે, તેને જોયો નથી, જાણ્યો નથી, સ્પર્શ્યો નથી, તેનો કોઈ અનુભવ નથી, તો તેને વિશે શ્રદ્ધા કેવી રીતે ઉદ્‌ભવે? વાત તો સાચી છે, પણ આપણાં સઘળાં શાસ્ત્રોએ, રામાયણ, મહાભારત, ભાગવતની કથાઓએ, આપણા અનેક સન્તોએ, ઋષિમુનિઓએ શ્રદ્ધા દ્વારા ઈશ્વરને ઉપાસવાનો આદેશ આપેલો જ છે, એટલે આપણે સન્તો ને શાસ્ત્રોનાં વચનોને પ્રમાણભૂત માનીને જ, એનો આધાર લઈને જ ચાલવાનું છે, એ ચરિતાર્થ-સાર્થક થાય ત્યાં સુધી પ્રતીક્ષા કરવાની છે, અનુભવ કરવાનો છે. શ્રદ્ધા રાખવાની છે ને ઈશ્વરની ઉપાસના કરવાની છે.

આથી માનવીનું પહેલું કામ શ્રદ્ધા રાખવાનું છે. શ્રદ્ધા સેવ્યા પછી જ એનો અનુભવ થઈ શકે છે. જેમ શાંત જળમાં એક કાંકરો નાખતાં જળમાં તરંગો ઉદ્‌ભવીને દૂર દૂર સુધી ફેલાય છે, તેમ હૃદયપટ પરથી શ્રદ્ધાના એક અંશને ધારણ કરતાં જ ઈશ્વરના અસ્તિત્વનો, તેની કૃપાના અનુભવનાં આંદોલનો ઉદ્‌ભવી હૃદયને શાતા અર્પશે. શ્રદ્ધા વડે જ શ્રદ્ધાનો આવિર્ભાવ થાય છે. આ આવિર્ભાવ પામેલી શ્રદ્ધા જ વ્યક્તિને જન્મ આપે છે ને તેનું પોષણ કરે છે. કેવી રીતે?

સંતાનની ઝંખના સેવતું દંપતી શ્રદ્ધાપૂર્વક પરમતત્ત્વને ઉપાસે છે, પ્રાર્થે છે ને તેના કર્મફળે, પ્રારબ્ધબળે સ્ત્રીના ગર્ભમાં માનવ સ્વરૂપે દેહ ધારણ કરી વ્યક્તિની-દંપતીની સંતાનઝંખના ને પરમતત્ત્વ પ્રત્યેની શ્રદ્ધા સાકાર થાય છે. એક વ્યક્તિનો-એક મનુષ્યનો જન્મ થાય છે. એ જન્મ થતાં પહેલાં માતાના ગર્ભમાં તેનું પોષણ થાય છે. આ પૃથ્વી પર અવતરતાં જ તે બાળકના પોષણ-સંવર્ધન માટે પરમાત્માએ સ્ત્રીના-માતાના સ્તનમાં દૂધનું સર્જન કરીને જગત સમક્ષ એક મહાન ને પરમ આશ્ચર્ય ધરી દીધું છે, ઈશ્વરની પરમ ને ચરમ સત્તા ને શક્તિનો ત્યાં સ્વીકાર કરવો પડે છે, તેમાં શ્રદ્ધા રાખવી પડે છે, ત્યાં એ શ્રદ્ધા આપોઆપ ઉદ્‌ભવે છે. શ્રદ્ધાના બળે જ શિવમાંથી જીવનો જન્મ થાય છે. મનુષ્યના જન્મની ગાથા ને પ્રક્રિયા કેવળ ઈશ્વરીય સત્તા ને શક્તિનો એક પવિત્ર ને સાત્ત્વિક આવિર્ભાવ છે. વિજ્ઞાન ભલે તેનાં સંશોધન કરીને તેને વ્યક્તિના જન્મનું મૂળભૂત કારણ માને, તેમ છતાં એ ઈશ્વરદત્ત છે, એની શક્તિ ને સત્તા વિના કશું જ સંભવિત નથી.

વિજ્ઞાન ટેસ્ટ ટ્યૂબ બેબીનો અખતરો કરે છે, તેમાં તે સફળ થાય કે ન થાય તે જુદી વાત છે, પણ સ્ત્રીના ઉદરમાં તેનો વિકાસ થઈ માનવસ્વરૂપે પૃથ્વી પર અવતરે છે તે વિજ્ઞાનની મોટી સિદ્ધિ ભલે લેખાય, પણ પરમતત્ત્વની શક્તિ વિના તે સંભવિત નથી. ટેસ્ટ ટ્યૂબ બેબીનો વિચાર જેને ઉદ્‌ભવ્યો, ને જેણે તેનું સંશોધન કર્યું તે વૈજ્ઞાનિકની બુદ્ધિને પેલી પરમ સત્તાએ જ પ્રેરી. એ વૈજ્ઞાનિકને પણ



Scanned by CamScanner

તેના વિચારમાં, તેના સંશોધનની પ્રક્રિયામાં શ્રદ્ધા તો હતી જ, વિશ્વાસ તો હતો જ ને તેનું સંશોધન સફળ થયું.

અગાઉ કહ્યું કે શ્રદ્ધા વડે જ શ્રદ્ધાનો આવિર્ભાવ થાય છે. ત્યાંથી આગળ વધી કહું કે, વ્યક્તિની નિજી ભાવના દ્વારા હૃદયમાં ભય, શરમ, સંકોચ ને હીનપણાની લાગણીનો સદંતર અભાવ હોય ત્યાં શ્રદ્ધાનો આવિર્ભાવ થાય છે. વ્યક્તિને મનમાં કંઈક કરવાની ભાવના છે, છતાં તેના હૃદયમાં લઘુતાગ્રંથિ ઘર કરી ગઈ હોય તો તેની શ્રદ્ધા જાગૃત થઈ શકતી નથી. શ્રદ્ધાને જાગ્રત કરવા પણ લઘુતા–ગ્રંથિને દૂર કરવાની જરૂર છે. લઘુતા ગ્રંથિ દૂર થતાં શ્રદ્ધા આપોઆપ જ ઉદ્દ્ભવે છે.

એક વિદ્યાર્થીને પ્રથમ વર્ગ મેળવવો છે. તે તેની ભાવના છે, પણ તેનામાં પ્રયત્ન કરવાનું બળ ને ધગશ પણ પૂરેપૂરાં હોવાં જરૂરી છે. તેનામાં કોઈ પણ પ્રકારનાં ભય, શરમ, સંકોચ કે લઘુતાગ્રંથિ ન હોય એ પણ જરૂરી છે. વિદ્યાર્થીને પ્રથમ વર્ગ મેળવવાની ભાવના છે, તો તેને શ્રદ્ધા ઉદ્દ્ભવે જ કે, હું પ્રથમ વર્ગ મેળવી શકીશ. તેનામાં શ્રદ્ધા ઉદ્દ્ભવી કે તેના સઘળા પ્રયત્નો સફળ થવાના જ છે. ગમે ત્યાંથી, ગમે તે રીતે તેને અનેક રીતે મદદ આવી મળવાની છે. એને કારણે તેના અભ્યાસના મુદ્દાઓ તેના મગજમાં વિશેષ સ્પષ્ટ થતા જવાના છે. એમ તે પ્રથમ વર્ગ મેળવવા સદ્દ્ભાગી બનશે.

આપણે આપણાં બાળકોમાં શ્રદ્ધાના સંસ્કારનું સિંચન કરતાં રહીશું તો તેનું જીવન સમૃદ્ધ, સત્ત્વશીલ, પવિત્ર ને સાત્ત્વિક બનશે.

પાંચમા ધોરણમાં અભ્યાસ કરતા એક બાળકને ગણિતના દાખલા આવડતા નહોતા. તેની માતા દરરોજ તેને નિયમિત ભણાવતી. બાળક નિયમિત લેસન પણ કરતું પણ તેને ભય હતો કે મને પરીક્ષામાં નહિ આવડશે તો? હું ભૂલી જઈશ તો? પરીક્ષા નજીક આવતી ગઈ ને તેનો ફફડાટ વધતો જતો. પરીક્ષાના આગલા દિવસે તેણે માતા પાસે ફરીથી બધા દાખલાઓનું પુનરાવર્તન કરી લીધું હતું, છતાં તેને વિશ્વાસ નહોતો આવતો. માતા તેની મનોદશા સમજી ગઈ હતી. સામેની ભીંત પર લટકતી માતાજીની છબી તરફ અંગુલિનિર્દેશ કરી માતાએ બાળકને કહ્યું : 'જો કાલે સવારે તું શાળાએ જાય ત્યારે માતાજીને પગે લાગીને જજે.' બીજે દિવસે બાળકે તે પ્રમાણે કર્યું ને પરીક્ષામાં બધા જ દાખલા સાચા ગણીને ઘેર આવ્યું. માતાએ તે જોઈ લીધા. તેના જવાબો પૂછી લીધા તે સાચા નીકળ્યા ને બાળકના આનન્દનો પાર રહ્યો નહિ. દરરોજ નજીકના માતાજીના મંદિરે જવાની માતાએ ટેવ પાડ્યા મુજબ પરિણામને દિવસે બાળક માતાજીના મંદિરે ગયું. મંદિરના પૂજારી દરરોજ આવતા એ બાળકને સારી રીતે ઓળખતા હતા. માતાજીની સામે પોતાના નાનકડા બે હાથ જોડી, 'મને પાસ કરી દેજો'ની પ્રાર્થના કરતું બાળક ઊભું હતું, ત્યાં જ મંદિરના પૂજારીએ માતાજીની મૂર્તિ પરથી પુષ્પ આપ્યું ને કહ્યું, 'લે, જા તું પાસ થઈ જશે.' બાળક તે પુષ્પ શ્રદ્ધાપૂર્વક ભાવવિભોર બની આંખે અડકાડી શાળાએ ગયું ને પરિણામ આવ્યું ત્યારે તે સાચે જ પાસ થઈ ગયેલું! બાળકના કુમળા માનસ પર શ્રદ્ધાનો, ઈશ્વરને ઉપાસવાનો આ સંસ્કાર કેટલો દૃઢીભૂત થયો હશે તેની કલ્પના કરી લેજો.

વ્યક્તિને શૈશવમાં પ્રાપ્ત થયેલ શ્રદ્ધાનો આ જ સંસ્કાર તેના જીવનમાં નૈતિક મૂલ્યોનું સર્જન કરે છે ને આધ્યાત્મિકતાનો અભિગમ કેળવાઇને ઈશ્વરાભિમુખ બનાવે છે. કારણ કે શૈશવના શ્રદ્ધામય સંસ્કાર દ્વારા વ્યક્તિ સન્માર્ગે પ્રેરાય છે. શ્રેય ને પ્રેય ખાતર તે પુરુષાર્થ પણ સન્માર્ગે કરે છે ને તે તેના સઘળા પ્રયત્નોમાં સફળ થાય છે. અને કદાચ નિષ્ફળ થાય તો પણ તેનું જીવન એવા વળાંકો લઈ બેસે છે કે તેમાંથી તેને સરવાળે ગુમાવવાનું કશું જ આવતું નથી. તેની એક નિષ્ફળતા અનેક સફળતાઓને પલટી લાવે છે ને તેને વિશેષ રૂપે સમૃદ્ધ બનાવે છે. આમ શ્રદ્ધાનાં વિવિધ પરિમાણ ને પરિણામ છે.



Scanned by CamScanner

વ્યક્તિના સન્માર્ગના પ્રયત્નો તેને નીતિ, શિસ્ત ને પ્રમાણિકતાના પાઠો શીખવે છે. વ્યક્તિનો પુરુષાર્થ ને શ્રદ્ધા નીતિમય જીવન જીવવાનું બળ આપે છે. એ નૈતિક જીવન જ તેને સફળતા અપાવે છે. દા. ત. એક વ્યક્તિ નોકરી કરે છે. તેનો પગાર ઓછો છે. તેને વધુ પગાર મળે એ જરૂરી છે. પાયાની જરૂરિયાત છે, પણ એને ખાતર અનીતિએ પૈસો કમાવાની દાનત વ્યક્તિને તત્કાળ ભલે સુખી કરે, પણ લાંબે ગાળે તો નુકસાનકારક જ નીવડે છે. જો વ્યક્તિ ઈશ્વરને ઓળખતી હોય, ઈશ્વરનો ડર હોય, તેને તેનામાં શ્રદ્ધા હોય, તો અનીતિએ પૈસો કમાવાની લાલચ તેને જાગશે જ નહિ, ઈશ્વરનો ડર, તેના પ્રત્યેની તેની શ્રદ્ધા ને તેનો પુરુષાર્થ સમય જતાં તેની નાણાંકીય જરૂરિયાત પૂરી પાડશે. ઉત્તરોત્તર તેના પગારનો આંક વધતો જ જશે. અનીતિનો એક પણ પૈસો નીતિથી કમાયેલા બીજા સોએ સો પૈસાને ધસડી જશે, તેથી જ નીતિ ને શ્રદ્ધા એ માનવજીવનનાં એક પરમ ને ચરમ ધ્યેય બની રહેવાં જોઈએ.

જીવનમાં સ્વીકારેલાં નૈતિક મૂલ્યો, ઈશ્વર–ઈષ્ટ પ્રત્યેની શ્રદ્ધા માનવીને સાચા અર્થમાં માનવી બનાવે છે. તેના હૃદયમાં જીવ માત્ર પ્રત્યે પ્રેમ. કરુણા, વત્સલતા, મમતા, દયાનો આવિષ્કાર સાધે છે. કોઈને પણ મદદરૂપ થવાની ભાવના જાગે છે. કારણ કે તેને ઈશ્વર મદદ કરે છે. તે કોઈ પણ દુઃખીના દિલનો દિલાસો બની રહેવા તત્પર રહે છે. કારણ કે તેણે દુઃખનો અનુભવ કર્યો છે. એ દુઃખમાં ઈશ્વરનો દિલાસો તેને મળતો રહ્યો છે. તેનામાં કોઈ પણ પ્રત્યે વેર, દ્વેષ, ઈર્ષ્યા કે અહંકાર જન્મતાં નથી. કારણ કે નિજી શ્રદ્ધા દ્વારા, ઈશ્વરીય કૃપા દ્વારા તેણે જીવનમાં સઘળાં સુખ, સમૃદ્ધિ, જરૂરિયાતો પ્રાપ્ત કરી લીધાં છે. તેથી તેને સંતોષ–આત્મસંતોષ છે. અરે, વ્યક્તિએ નિજી શ્રદ્ધા દ્વારા ખુદ પરમેશ્વરની સાક્ષાત્ કૃપા પ્રાપ્ત કરી લીધી છે. પછી તેને માટે બાકી શું રહે? તેનો આત્મસંતોષ જ વ્યક્તિને વેર, દ્વેષ, ઈર્ષ્યા ને અહંકારથી વિમુખ કરે છે ને પ્રેમ, દયા, કરુણા ને સહૃદયતાની સરવાણીઓ જન્માવે છે. શ્રદ્ધાની આ બહુ મોટી નિપજ છે. પ્રથમ દૃષ્ટિએ ખૂબ નાની ને ક્ષુલ્લક લાગતી શ્રદ્ધાની વાત સરવાળે તો માનવી માટે, સમસ્ત દેશ, સમાજ ને વિશ્વ માટે ઘણી ઉપકારક નિવડી શકે તેમ છે. શ્રદ્ધાનું આ સામ્રાજ્ય જો સઘળે છવાઈ જાય તો કોઈ અનિષ્ટ જ રહે નહિ. શ્રદ્ધા જો સઘળે છવાઈ જાય તો સર્વવ્યાપક પરમાત્માના સઘળે સ્થળે દર્શન થઈ શકે છે. પરમાત્માનાં દર્શન થતાં જ જીવની–આત્માની ઉન્નતિ ને સમૃદ્ધિ થતી જવાની છે. શ્રદ્ધાની આ સૂક્ષ્મ પ્રક્રિયા છે.

શ્રદ્ધા સૂક્ષ્મ ભાવના છે. કોઈ પદાર્થની જેમ તેને બતાવી, સ્પર્શી શકાતું નથી. શ્રદ્ધાનો કેવળ અનુભવ કરવાનો રહે છે. જેને જેવી શ્રદ્ધા હોય તેને તેવો અનુભવ થાય. શ્રદ્ધાનાં કોઈ ધારાધોરણ–નીતિનિયમો કે મર્યાદા નથી હોતાં. શ્રદ્ધા અપરિમેય હોય છે. મનુષ્યના હૃદયમાં આ શ્રદ્ધાનો ઉદ્ભવ થાય છે, ત્યાં જ એ વિકાસ પામે છે, ત્યાં જ એ વિહાર કરે છે, ત્યાં જ એનાં વિવિધ પરિણામો ને પરિમાણો સર્જાય છે, ત્યાં જ શ્રદ્ધા એનાં વિવિધ દર્શન કરાવે છે. આ શ્રદ્ધાની કાળજી ન લેવાય, એ પ્રત્યે લક્ષ ન અપાય, એનું પોષણ, સંવર્ધન ન થાય તો ઉદ્ભવીને ફૂલેલી–ફાલેલી શ્રદ્ધા શુષ્ક બનીને નષ્ટ થઈ જાય છે. એટલે સમયાન્તરે શ્રદ્ધાને સંકોરતા જવાનું છે. હૃદયમાં જાગેલા શ્રદ્ધાના દીપમાં પ્રેમ ને ભાવનાનું તેલ પૂરતા રહેવાનું છે. ને એને પ્રજ્વલિત રાખવાનો છે. અંતરમાં પ્રજ્વળેલો શ્રદ્ધાદીપ આપણા આતમને તો અજવાળશે જ, પણ એ અન્યના આતમને પણ અજવાળવાની ક્ષમતા ધારણ કરે ત્યારે જ તે સાચો શ્રદ્ધાદીપ કહેવાય, શ્રદ્ધાનું કાર્ય આમ આતમને અજવાળવાનું ને ઉન્નત બનાવવાનું છે. તેથી જ શ્રદ્ધાની આ સૂક્ષ્મ ભાવનાને માનવીએ પોતાના હૃદયમાં સર્જવાની છે ને આત્મસાત્ કરવાની છે.

□



Scanned by CamScanner

# પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં....



કુટીરમાં આજે ગુરુદેવની હાજરી ન હતી, પરંતુ ભક્તો અને મુલાકાતીઓથી કુટીર ભરાયેલી હતી. સહુની નજર ઝૂલા પર જતી, પૂજ્યશ્રીની સૂક્ષ્મ હાજરીને વંદન કરી પ્રત્યક્ષાગમનની રાહ જોતાં સૌ બેઠાં હતાં. પૂજ્યશ્રી સામાજિક કાર્ય અંગે બહાર ગયા હોઈ થોડા મોડા આવવાના હતા.

પૂજ્યશ્રીની મહાનતા વિષે ભક્તોમાં ચર્ચા ચાલતી હતી. લીટરેચરના (સાહિત્યના) અધ્યાપક એક ભાઈ પણ કુટીરમાં ઉપસ્થિત હતા. ચર્ચામાં ઝંપલાવતાં તેમણે તેમની લાક્ષણિક શૈલીમાં અતિ ગૂઢ અને હૃદયસ્પર્શી છતાં સરળ વાણીમાં કહ્યું:

"ગુરુદેવ માનવ નથી, તેઓ મહામાનવ–દેવ છે. પૂજ્યશ્રીની મહાનતા તેમની માનવતાને આભારી છે." ચર્ચામાં એક બેને કહ્યું, 'આપણે પણ ક્યારેક માનવતા તો દર્શાવીએ જ છીએ.' દયા–પ્રેમ વગેરે મનુષ્યજીવન સાથે સંકળાયેલાં છે; છતાં દરેક માનવ મહામાનવ બની શકતો નથી. આનું શું કારણ?'

"દંભ, બાહ્યાડંબર. માનવને અ-માનવ બનાવે છે. દંભથી ભરેલી આ દુનિયામાં આપણે બધાં બાહ્યાડંબર, ઉદ્ધતાઈ વગેરે અવગુણોને કારણે ઘણી વખત અમાનવીય વર્તાવ કરીએ છીએ.

મનુષ્ય તેના ગુણ–અવગુણથી પ્રકાશમાં આવે છે. મહાનતા સદ્‌ગુણને અને અધમતા અવગુણને

વરે છે. દયા, પ્રેમ, નમ્રતા, સહૃદયતા એ મહાનતાના ગુણો છે. રૂઆબ, દંભ, અભિમાન, બાહ્યાડંબર એ અવગુણો છે મહાન પુરુષનું સમસ્ત વ્યક્તિત્વ તેમની નમ્રતા અને આર્દ્રતાથી ઝળકે છે.

વર્તમાનયુગમાં મોટાઈ વિષેના કેટલાક વિચિત્ર ખ્યાલોમાં આપણે રમીએ છીએ. ધનવાન, શરીર-સૌંદર્ય, નોકરીમાં મોટો હોદ્દો, સમાજમાં ઊંચું સ્થાન વગેરેને આપણે મોટાઈ ગણીએ છીએ. અને એવા મોટા માણસના ગમે તેવા વર્તનને આપણે નવાજીએ છીએ, પરંતુ એ ધનિક હોય કે હોદ્દામાં હોય ત્યાં સુધી જ! પછી તો ઉતર્યા અમલ કોડીના!

આવા કહેવાતા મોટા માણસોનું વર્તન આપોઆપ બદલાઈ જાય છે. ભારેખમ, અક્કડ, ઘમંડી, રુવાબદાર, ગંભીર મુખમુદ્રા તેમ જ વાણી, વર્તન અને વ્યવહારમાં બાહ્યાડંબર રાખી આ માણસો મોટાઈને સાચવી રાખે છે. ચપરાશી કે હાથ નીચેના માણસો સલામ, નમસ્કાર કે અદબ જાળવે તો તેનો પ્રતિભાવ દર્શાવ્યા વગર જ ચાલવા માંડે છે. નાના માણસની ઉંમરની અદબ જાળવ્યા વગર તોછડાઈથી વાત-વર્તન કરે છે. "સત્તા આગળ શાણપણ નકામું" સમજી તક ન મળવાને કારણે નાનો રહેલો માણસ એ બધું સાંખી લે છે પરંતુ મનમાં ડંખ રહી જાય છે.

રુવાબ આંખને આંજી શકે છે, આત્માને નહિ. આત્માને પ્રભાવિત કરવાની શક્તિ આપણી નમ્રતા, સહૃદયતા, વિવેકમાં છુપાયેલી છે; મિથ્યાભિમાન, ઘમંડ કે વ્યર્થ રુવાબ એ નરી તુચ્છતા છે, જે માણસને ડૂબાડે છે.

નમ્રતા માનવીને માનવતાનો પૂજારી બનાવી શકે છે. નમ્રતા જ માણસને મહાનતાના ઉચ્ચ શિખર પર પહોંચાડી શકે છે, "નમે તે પ્રભુને ગમે." માણસ જેટલો નમ્ર તેટલો જ અન્યના દિલને ગમી જાય છે. ફળથી લચેલું ઝાડ હંમેશાં નીચે ઝૂકે છે. મહાન બનવા માટે આપણે નાના બનવાની આદત કેળવવી પડે છે.

પૂજ્ય ગુરુદેવ નાના બની આપણી વાતોમાં ઓતપ્રોત થઈ આપણને માર્ગદર્શન આપે છે અને એક અંગત વડીલની જેમ સુવિચારો આપી આપણી આત્મશક્તિને ખીલવે છે. નમ્રતા, લાગણી, દયા, સાહજિક પરિચયાત્મકતા વગેરે ગુણોને કારણે અહિંયા બેઠેલા સહુને 'ગુરુદેવ મારા છે' તેવો ભાવ જાગે છે. તેમના વગરની કુટીર આપણને સૂની લાગે છે અને માબાપની પ્રતીક્ષા જેમ બાળક આતુરતાથી કરે તેમ આપણે સહુ તેમની પ્રતીક્ષા કરતાં અહિંયા બેઠાં છીએ.

ઘમંડી સાહેબ ઑફિસમાં ન હોય તો નીચેના કર્મચારીઓને શાંતિ લાગે છે, તેમની ગેરહાજરીથી કર્મચારીઓને આનંદ આવે છે. જ્યારે મહામાનવ-સંતની ગેરહાજરી આપણને વિહ્વળ બનાવે છે.

વર્તમાનયુગમાં આપણે સૌ મહાનમાં ખપવા જેટલી દિલચસ્પી લઈએ છીએ તેટલી મહાન બનવામાં લેતા નથી. મહાન બનવાનો એક માત્ર ઉપાય છે જીવનની પ્રત્યેક ક્ષણને માનવસેવામાં વાપરવી. જેના અંતઃકરણમાં નિર્મળતા હોય, સ્વભાવમાં નમ્રતા હોય, પ્રવૃત્તિમાં પવિત્રતા હોય, મન નિખાલસ હોય તે જ વ્યક્તિ મહાન બની શકે.

પૂજ્યશ્રીએ ઉપરના ગુણો આત્મસાત્ કરેલા છે. જીવનની પ્રત્યેક ક્ષણને વિના મૂલ્યે માનવસેવાના કાર્યમાં વ્યતીત કરે છે એટલે તો તેઓ મહામાનવ છે."

કુટીરમાં શાંતિથી બધાં આ ભાઈની વાતો પ્રેમથી સાંભળી પોતાનામાં નમ્રતાનો ગુણ આત્મસાત્ કરવા જાણે મથી રહ્યાં હતાં ત્યાં જ પૂજ્ય ગુરુદેવની ગાડી આવી પહોંચી. વાતાવરણમાં મધુર સૌરભની લહેર પ્રસરી ગઈ.

"માફ કરજો, મને મોડું થઈ ગયું" એવા ગુરુદેવના શબ્દો સાંભળી સહુ આ નમ્રતાની મૂર્તિ સમા ગુરુદેવને વંદી રહ્યા. સમગ્ર વાતાવરણમાં નૂતન શક્તિનો સંચાર વર્તાવા લાગ્યો.

□

Scanned by CamScanner

# છબીમાં બિરાજેલ માતાજી સાક્ષાત્ છે!

માતાજીને આપણે કોઈએ જોયાં નથી, છતાં તે છે એમ માની લઈએ છીએ અને તેનામાં શ્રદ્ધા રાખીએ છીએ. તેની શરણાગતિ સ્વીકારીએ છીએ. તેને વિશ્વાસપૂર્વક ભજીએ છીએ. મનુષ્યે ઈશ્વરમાં મૂકેલો વિશ્વાસ ગમે તે રીતે ફળીભૂત થશે કે નહિ, તે પણ આપણને ખબર નથી; છતાં એ વિશ્વાસ આપણને તેની કૃપા પ્રાપ્ત કરાવી આપવામાં નિમિત્ત બને છે. આ એક abstract–અમૂર્ત છતાં સઘન સંબંધ છે.

જે ઈશ્વરને–માતાજીને આપણે જોયાં નથી, છતાં છે એમ માનીને તેને આપણા હૃદયમાં પ્રસ્થાપિત કરીએ છીએ, એટલું જ નહિ, આપણે તેની પૂજા-સેવા કરી શકીએ, તે આપણી સાથે ને સામે, આપણી વચ્ચે રહે તે હેતુથી આપણે પ્રભુની–આપણા ઈષ્ટની છબી કે મૂર્તિની પ્રસ્થાપના કરીએ છીએ, પ્રભુ સાક્ષાત્ છે એમ માનીને. અને પછી અમૂર્ત રૂપે–સાક્ષાત્ આપણી વચ્ચે બિરાજેલ પરમાત્મા મનુષ્યને કેવી રીતે સહાય કરે છે, મનુષ્યને તેની ત્રિવિધ ઉપાધિઓમાંથી કેવી રીતે ઊગારી લે છે તેના અનુભવો અત્યંત રસપ્રદ ને પ્રેરક હોય છે.

સુરતના એક મિલ–કામદાર શ્રી ઓમકારનાથ દુબેએ તેમનો અનુભવ હિંદી ભાષામાં લખી મોકલ્યો હતો, પણ વાચકોની સુગમતા ખાતર ગુજરાતીમાં ભાષાંતર કરી અત્રે રજૂ કરીએ છીએ, જે આ પ્રમાણે છે :

"પરમ કૃપાળુ મા ગાયત્રીની કૃપા તેમ જ પરમ પૂજ્ય શ્રી સદ્‌ગુરુદેવજીના આશીર્વાદનો અનુભવ વિશેષ રૂપે તા. ૭–૧૨–'૮૩ના રોજ થયો હતો તે પત્ર દ્વારા રજૂ કરું છું :

તા. ૭–૧૨–'૮૩ના રોજ સવારે લગભગ આઠ વાગ્યે, જ્યાં મારી એક નાનકડી દુકાન માની કૃપા અને સદ્‌ગુરુદેવજીના આશીર્વાદથી છે, ત્યાં ઝૂંપડપટ્ટીમાં એક ભીષણ આગ લાગી. હું સ્નાન કરવા બેઠો હતો. શ્રી ગંગા મૈયાને પ્રણામ કરી, સ્નાનમંત્ર બોલીને આચમન કરીને બે એક લોટા પાણી શરીર પર નાખ્યું. ત્યાં તો શ્રીમતીજીએ કહ્યું કે, દુકાન આગળ આગ લાગી છે. તરત જ હું ભીના શરીરે દોડયો અને જઈને જોઉં છું તો ૧૫ થી ૨૦ ઝૂંપડાં બળી રહ્યાં હતાં. આગ આગળ વધતી આવી રહી હતી. મારા મિત્રો પણ મારી દુકાને દોડી આવ્યા હતા. તે વખતે મારી નાની દીકરી રીટાદેવી દુકાને જ હતી. થોડો થોડો સામાન ઘરમાં મૂકવા લઈ જવાતો હતો. મેં શ્રી ગુરુદેવજીનો ફોટો ઉતારીને મારા હાથમાં લીધો અને મા ગાયત્રીનો ફોટો ઉતારી રહ્યો હતો ત્યાં મારા દિલે મને જાણે મના કરી કે તું આ શું કરી રહ્યો છે? શ્રી ગુરુદેવજીનો ફોટો એમ જ ફરી પાછો ટીંગાડી દે. મેં શ્રી સદ્‌ગુરુદેવજીનો ફોટો મારા હાથમાંથી જ્યાં, જે રીતે હતો ત્યાં તે રીતે ટીંગાડી દીધો અને બહાર નીકળીને જોઉં છું તો લગભગ દસ મીટરના અંતરે જ આગની જ્વાળાઓ આવીને થંભી ગઈ હતી. ગાયત્રી–મંત્રના માનસિક જપ ચાલી રહ્યા હતા. એટલામાં જ કોર્પોરેશનનું અગ્નિશામક વાહન આવ્યું અને આગને ઠારવા લાગ્યું. મને એવી સ્ફુરણા થઈ કે, શ્રી ગુરુદેવજીના ફોટાને કારણે આગની જ્વાળાઓ દસ મીટરને અંતરે આવીને થંભી ગઈ અને અમારા ગરીબ લોકોની રોજી–રોટી ખાક થતાં થતાં રહી ગઈ!



Scanned by CamScanner

આમ તો સૌ પ્રથમ ઈ. સ. ૧૯૭૭માં પૂ. મા તથા પૂ. ગુરુદેવના પ્રથમ દર્શન કર્યાં હતાં. તે વેળા અમારી આર્થિક પરિસ્થિતિ જરાયે સારી નહોતી, પરન્તુ આજે એમાં મોટું પરિવર્તન આવ્યું છે. બે છોકરીઓ તથા એક છોકરાનાં લગ્ન ખૂબ જ આનન્દપૂર્વક થયા. માની ખૂબ કૃપા છે તથા પૂજ્ય સદ્‌ગુરુદેવજીના અનેક આશિષ છે. અમારા જેવા ગરીબ ઉપર અપાર સ્નેહ છે જેને હું શબ્દોમાં વ્યક્ત કરવા અસમર્થ છું. પૂજ્ય મા તથા શ્રી સદ્‌ગુરુદેવજીને અમારા સમગ્ર પરિવારના કોટિશઃ પ્રણામ."

*

છબીમાં બિરાજેલ માતાજીની—પોતાના કોઈ પણ ઈષ્ટ દેવની ઉપાસના ઉપાસક જ્યારે આરંભે છે, ત્યારે ઉપાસકના હૃદયની ભક્તિભાવનાનાં સ્પંદનો માતાજી સુધી-ઈષ્ટ સુધી અવશ્ય પહોંચે છે અને પોતાના ઉપાસકને સહાય કરવા તત્પર બને છે. તેને જ્યારે ભીડ પડે છે ત્યારે તેની ભીડમાંથી તેને ઊગારવા પોતાની શક્તિ અને પ્રેરણાને ગતિશીલ–કાર્યાન્વિત કરે છે તેથી જ તો ભાઈશ્રી ઓમકાર-નાથભાઈ જ્યારે માતાજીની છબી ભીંત ઉપરથી ઊતારવા જાય છે ત્યાં જ, તે છબીને, પોતાને ત્યાંથી ન ઊતારવાની, ન હઠાવવાની પ્રેરણા કરે છે ને વીજળીનો કરંટ લાગતાં જ હાથ પાછો ખેંચાઈ જાય તેમ માતાજીની છબી ઊતારવા તેને સ્પર્શ કરતાં જ ભાઈને માતાજીની પ્રેરણાનો કરંટ લાગ્યો. માતાજીની છબીનું ઉત્થાપન ન કર્યું અને આગની જ્વાળા તેમની દુકાનને સ્પર્શી ન શકી. છબીમાં બિરાજેલ માતાજી સાક્ષાત્ છે તેનો આ નક્કર પુરાવો છે.

□


શુભેચ્છા સહિત :

☎ Res. : ૩૬૫૦૫
Fact. : ૩૭૦૦૪

ડૉ. જયંત વાડીલાલ ગીલીટવાલા

દરેક જાતનો જરી કસબ ગીલીટ કરનાર

ડૉકટર જયંત ફેબ્રીકસ

એમ્બ્રોઈડરી જ્યોર્જેટ બનાવનાર

: ફેકટરી :
પ્લોટ નં. ૧૩/૧, ખટોદરા
ઉધનારોડ

: રહેઠાણ :
૯/૫૬૮ ગોટાલાવાડી રોડ,
સુરત-૪

# આત્મગુંજન - ૮

ડૉ. કાન્તિલાલ કાલાણી

**આપણી શક્તિ ક્યારે ઢીલી ન પડે?** પરિસ્થિતિનો બરાબર ખ્યાલ હોય તો, સમજપૂર્વક કામ કરતા હોઈએ તો, દૃઢ મનોબળ હોય તો, અન્યનું હિત કરવાનો જ ભાવ હોય તો.

**મનોબળ દૃઢ કરવા શું કરવું?** સાત્ત્વિક કાર્યો કરવાં, સત્સંગ કરવો, સદ્‌ગ્રંથો વાંચવા અને નિર્મળ હૃદયવાળી વ્યક્તિનો સહવાસ રાખવો.

**મનુષ્યે આંતરિક વિકાસ સાધવો હોય તો પાયાની બાબતો કઈ?** વૃત્તિઓ અને વાસનાઓ પર અંકુશ મેળવવો, રાગ-દ્વેષ જેવા ધાડપાડુઓના હાથમાં સપડાવું નહિ, નિયમિતતા, નિષ્ઠા, અને અનાસક્તિ કેળવવી, પ્રત્યેક પરિસ્થિતિમાં સમતા રાખવી, જ્ઞાનપ્રાપ્તિ માટે નિરંતર પુરુષાર્થ કરવો, કોઈપણ સંયોગોમાં શ્રદ્ધા ડગવા ન દેવી, ચારિત્ર્યનું જીવની જેમ રક્ષણ કરવું.

**ચિત્તને ઉદ્વેગ કેમ થાય છે?** દુઃખનો ઉદ્વેગ નથી ગમતો તે કારણે, રાગ-દ્વેષની પ્રબળતાને લીધે, અજ્ઞાન ભર્યું પડ્યું છે એટલે, વાસનાઓને તૃપ્ત નથી મળતી એટલે, સંસારી પદાર્થોમાં મન રચ્યુંપચ્યું રહે છે તે કારણે, શુભ વિચારોને આચરણમાં નથી મૂકતા એટલે.

**ઉદ્વેગમાંથી બચવાના ઉપાયો કયા?** દુઃખ નિપજાવનાર બાહ્ય કારણો કાયમ ટકતાં નથી એટલે સમજપૂર્વક એટલો સમય પસાર કરી દેવો, પરિસ્થિતિ અંકુશ હેઠળ ન હોય ત્યારે સમજીને મનને સ્વસ્થ રાખી દુઃખને પસાર થઈ જવા દેવું, અંદરની વૃત્તિઓને કારણે નિર્માણ થતું દુઃખ મનના ભાવોને કેળવવાથી અથવા બુદ્ધિને મહર્ષિ પતંજલિના કહેવા અનુસાર મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા એ ચારેય ભાવનાઓમાં રમમાણ રહેવાથી ચિત્તને ઉદ્વેગ થતો નથી, રાગ-દ્વેષ અને કામ-ક્રોધથી અળગા રહેવું.

**કર્મનો ક્ષય ક્યારે થાય?** ઉપાસના દ્વારા ભગવદ્-સ્વરૂપમાં અને જ્ઞાન દ્વારા ભગવદ્-તત્ત્વમાં સ્થિરતા થાય ત્યારે.

**મનુષ્યોનાં કર્મોમાં રહેલા દોષો ક્યારે ટળે?** ભગવદ્-અર્પણ બુદ્ધિથી કર્મ કરવામાં આવે, ફળની આસક્તિ વિના કર્મ થાય તો.

**સૌથી પ્રબળ અગ્નિ કયો?** જ્ઞાનાગ્નિ.

**મનુષ્યને દુર્ગતિને માર્ગે કોણ લઈ જાય છે?** તેનાં કર્મો, પાપમય પ્રવૃત્તિ, નબળો સંગ, લોભ અને લાલચ, મન અને ઇન્દ્રિયો પરનો અસંયમ, લોખંડનો કાટ જેમ લોખંડને ખાઈ જાય છે, તેમ મનુષ્યની દુષ્ટ રહેણી-કરણી જ તેને દુર્ગતિ તરફ ધકેલે છે.

**સાધક કોને કહેવાય?** આત્માના ધર્મને સમજવા જે પુરુષાર્થ કરે, સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ શરીરની સાથે જે ચેતના સંકળાયેલી છે તેનો અનુભવ કરવાની દિશામાં જે આગળ વધે, જે ધર્મશીલ, અભ્યાસશીલ, તપસ્વી, સત્યવાદી, જિતેન્દ્રિય, વિરક્ત, નિર્ભય, પવિત્ર, મિતાહારી, આત્મગુણમાં સ્થિર, ઉત્સાહી અને સંતુષ્ટ સ્થિતિ પ્રાપ્ત કરવા સતત મથામણ કરતો હોય, જે રાગ-દ્વેષ અને ઈર્ષ્યારહિત હોય, જેની લૌકિક વાસનાઓ શાંત થઈ ગઈ હોય.

**માયા એટલે શું? જે** દેખાય છે તે વાસ્તવમાં નથી, સતત ભ્રમ રહે છે પણ ખરેખર નથી, આપણે એને સત્ય માનીએ ત્યાં સુધી જ એ સત્ય તરીકે રહે છે, જેવા આપણે સભાન થયા, આપણું સ્વપ્ન તૂટ્યું કે બધું અસત્ય બની જાય છે.

**કોઈ પણ મનુષ્ય જ્ઞાનના પરમ ઉજ્જવળ શિખરે પહોંચી શકે ખરો?** પ્રત્યેક મનુષ્યમાં પરમ જ્ઞાનની પ્રાપ્તિની ક્ષમતા નિઃશંકપણે રહેલી છે, પણ એ ક્ષમતાને મનુષ્ય ઢંઢોળતો નથી, જે ભીષણ સંકલ્પ કરે છે તે વહેલો-મોડો કાર્ય કરી શકે છે. ભીષણ સંકલ્પ એટલે ભલે દેહ પડી જતો પણ સંકલ્પ સિદ્ધ નહીં થાય ત્યાં સુધી જંપીશ નહિ એવું નિશ્ચયબળ.

**સાધનામાં આહારનો ત્યાગ ઉપકારક ખરો?** આહારના ત્યાગ કરતાં સ્વાદત્યાગને વિશેષ મહત્ત્વ આપવું, આહારનો ત્યાગ કરનારે સ્વાદ જય કર્યો છે એ ખાતરીપૂર્વક ન કહી શકાય એટલે સાધકે સ્વાદ જયની વિશેષ ચિંતા કરવી.

**સંતોષથી કોણ જીવી શકે?** જેણે મનોરથોના મોટા મોટા મિનારા ન રચ્યા હોય, જેની પાસે જીવનની અને જગતની સમજણ હોય, અહીં જે કાંઈ મળે છે તે વધારાનું જ છે હું તે કાંઈ લઈને આવ્યો નથી એવા વિચારની નિરંતર હાજરી હોય, હું અહીં કશું લેવા આવ્યો નથી પણ આપવા આવ્યો છું એવું જેણે દઢ કરી લીધું છે, જે અંદરથી જાગૃત છે એટલે કે જેની વિવેકશક્તિ ખીલી ગઈ છે, જે અંદરથી સમ્રાટ બની ગયો છે.

**મન ક્યારે રોગીષ્ટ ન રહે?** આહાર, વિહાર અને નિદ્રા પ્રમાણસર હોય, સંયમિત અને મૃદુ વાણી હોય, આહારશુદ્ધિ અને દેહશુદ્ધિ હોય, નિયમિતતા હોય, સારા લોકોનો સંગ હોય, નીતિની કમાણી હોય, આવશ્યક એટલો શ્રમ હોય, સદ્ગ્રંથોનો અભ્યાસ અને સત્સંગપ્રીતિ હોય, નિરંતર પ્રવૃત્તિમાં અખંડ નિવૃત્તિ હોય.

**કયું ઝેર દૂર કરવાની મનુષ્યે કાળજી રાખવી?** દૃષ્ટિમાં, વાણીમાં અને વિચારોમાં રહેલ ઝેર મનુષ્યને પોતાને તો નુકસાન પહોંચાડે જ છે, પણ અન્યને ય હાનિકારક થાય છે, એટલે આ પ્રકારના ઝેરને સમજણથી દૂર કરવું, અમી દૃષ્ટિ કેળવવી, વિચાર, વાણી અને વર્તન નિર્મળ રાખવાં.

**સંસારમાં રહી નિર્ભયતા શી રીતે પ્રાપ્ત થાય?** વૈરાગ્ય ભાવ કેળવવાથી.

**મનુષ્યને સૌથી વધુ બોજો શેનો લાગે છે?** તેણે આચરેલાં પાપનો.

**કઈ ભાવનાઓને જીવનમાં સાચવવા જેવી?** મૈત્રીભાવના – સર્વ પ્રાણીઓ માટે મનમાં આત્યંતિક અને નિઃસીમ પ્રેમ, કરુણાની ભાવના – દુઃખી વ્યક્તિના દુઃખથી અનુકંપા અનુભવવી, મુદિતાની ભાવના – સર્વનું ભલું જોઈ હર્ષિત થવું તે. ઉપેક્ષાની ભાવના – આસક્તિરહિત થઈને મધ્યસ્થ થવું અથવા જગતને નિઃસ્પૃહભાવે જોઈ આત્મહિતમાં રહેવું.

**સજ્જન વ્યક્તિનાં લક્ષણ કયાં?** શાંત અને નિર્મળ સ્વભાવ, સૌ પ્રત્યે આદર, વિવેકયુક્ત આચરણ, નીતિ–નિયમોનું પાલન, પરહિતને પોતાનું હિત સમજવું, અન્યના દુઃખને પોતાનું દુઃખ માનવું, ક્ષમાવૃત્તિ અને નમ્રતા.

**સુખની નિદ્રા કોને આવે છે?** જેના વેગ શાંત થઈ ગયા છે; જે સુખ–દુઃખ, વિજય–પરાજય, હર્ષ–શોક, એવાં દ્વન્દ્વોની પાછળ જતો નથી.



Scanned by CamScanner

**કયો મનુષ્ય પોતાના પર પ્રભુત્વ પ્રાપ્ત કરી શકે છે?** જે પોતાના અંતઃકરણ પર અને ઇન્દ્રિયો પર અંકુશ રાખી શકે છે અથવા જેનું જીવન સંયમી છે; જે લાલચુ કે સ્વાર્થી નથી, જેનામાં પુરુષાર્થ અને શ્રદ્ધાનો ઉત્તમ સમન્વય થયેલો છે.

**કયું કાર્ય ન કરવું?** જે કાર્ય કર્યા પછી પસ્તાવું પડે; જે અનુચિત અને અહિતકર હોય; જેનું ફળ ભોગવતી વખતે દુઃખ થાય અથવા આંખમાં આંસુ આવે; જેનાથી ચિત્તને પ્રસન્નતાને બદલે ક્લેશ થાય.

**સાચી સમજણ કોને કહેવાય?** અન્તઃકરણનો, ઇન્દ્રિયોનો અને અન્ય શક્તિઓનો વિવેકસહિત ઉપયોગ કરવાની આવડત; શરીરનો કે વસ્તુનો ઉપયોગ કરતી વેળા પોતે કોણ છે તેનું ક્યારેય વિસ્મરણ ન થાય અને શરીરનો કે વસ્તુઓનો નિરપેક્ષ ઉપયોગ કરાય તેનું નામ સમજણ.

**આ જગતમાં સૌથી સૂક્ષ્મ શું છે?** જ્ઞાન સૌથી સૂક્ષ્મ કહી શકાય.

**સાધનાના વિવિધ માર્ગો કયા?** જ્ઞાનમાર્ગ – એમાં મનને અત્યંત એકાગ્ર કરવાનો નિરંતર પ્રયત્ન રહે છે; જીવન, જગત અને પરમાત્મશક્તિને યથાતથરૂપે સમજવાનો જાગ્રત પુરુષાર્થ રહે છે. ભક્તિમાર્ગ – પરમાત્મા પ્રત્યે ઉત્કટ પ્રેમ-અનુરાગ; પરમાત્મામાં સમર્પિત થઈ જવું, કર્તાભાવ છોડી નિમિત્તમાત્ર બનવું.

**યોગમાર્ગ :** સુવ્યવસ્થિત અને કઠોર આત્મનિયમન; યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ — એ અષ્ટાંગ યોગનાં આઠ સાધનોનો આત્મસાક્ષાત્કાર માટે ઉપયોગ કરવો. યોગમાં ચિત્તનિરોધનું મહત્ત્વ એ માટે — વાણી પર અંકુશ અથવા વાણીનો મનમાં લય, આત્મચિંતનમાં રમમાણ રહેવું, મનનો આત્મજ્ઞાનમાં લય કરવો, અહંકારનો ત્યાગ કરવો અને આત્માનું ચિંતન કરવું અથવા તેનો મહત્ આત્મામાં લય કરવો; સંપૂર્ણ અહંકારરહિત સ્થિતિ પ્રાપ્ત કરવી.

**કર્મમાર્ગ :** નિષ્કામભાવે નિષ્ઠાપૂર્વક કર્મ કરવું; મન, વચન અને કર્મથી ઈશ્વરમાં એકાકાર થઈ કર્મ કરવું; કર્મ ન છોડવું; સાથે સાથે તેના ફળની ચિંતા ન કરવી; પરિણામની ઇચ્છા કર્યા વિના મચ્યા રહેવું; અથવા પરિણામ વિશે આસક્તિ ન રાખવી.

**અગ્નિથી વધારે તાકાતવાળું કોણ?** ક્રોધ. અગ્નિ પદાર્થ માત્રને સળગાવે, પણ ક્ષુલ્લક અગ્નિને સામાન્ય મનુષ્ય પ્રગટાવે છે અને ઘણું ખરું તેને હોલવી પણ શકે છે. પણ ક્રોધ અગ્નિ કરતાં બળવાન એટલા માટે છે કે મનુષ્ય તેના પર અંકુશ રાખી શકતો નથી, ક્રોધ મનુષ્યના અંતસ્તત્ત્વ પર પ્રહાર કરે છે અથવા તેને બાળે છે.

**મનુષ્ય માટે શું ભૂંસવું ખૂબ મુશ્કેલ છે?** ચીટકેલું કલંક.

**શેના ત્યાગ કરવાથી સર્વનો ત્યાગ થાય છે?** મન અથવા ચિત્તનો ત્યાગ કરવાથી. મન એ જ માયા છે જગતરૂપ છે. કહો કે મન એ સર્વનું બીજ છે; મનથી મુક્ત થવા ઉદાસીનતા કેળવવી; રાગ-વાસનાથી છૂટા પડવું; અનાસક્ત થવું.

**બુદ્ધિ ક્યારે સ્થિર થવા માંડે છે?** ત્યાગની ભાવના દૃઢતમ થતી જાય તેમ.

**જગતની સ્થિતિનો બોધ ક્યારે થાય?** અજ્ઞાન સંપૂર્ણપણે વિલય લે ત્યારે.

**મન ક્યારે નિર્મળ થાય?** વાસનામય મળ નાશ પામે ત્યારે.

**ખરો કર્તા કોણ છે?** નિર્લેપપણે અને નિષ્કામપણે કર્મ આચરે છે તે; જે અહંકારરહિત છે, નિર્મળ છે અને ઉદ્વેગ વિના કાર્ય કરે છે.

□

Scanned by CamScanner

## આધ્યાત્મિક કેડી :

# પુરશ્ચરણના ભીતરમાં

[ બાવીસમા લક્ષના મંત્રજપ દરમ્યાન હવે ઘણું સારું લાગતું હતું. માને પ્રશ્ન કરતાં માએ રામ, લક્ષ્મણ અને સીતાનાં દર્શન કરાવ્યાં. ફરી માએ રિપુથી સાવધ રહેવા જણાવ્યું. માએ પોતાના મુખ ઉપર મંત્રોચ્ચાર કરવાની આજ્ઞા કરી. અને પોતાની સૂચનાનુસાર વર્તવા જણાવ્યું. માએ ત્રીજા લોચનની પ્રસાદી આપી. બ્રહ્માંડનાં દર્શન થયાં. અસંખ્ય ઝગમગાટ કરતા તારાઓ વચ્ચે ભવ્ય ગ્રહો વિહરતા હતા. દરેક ગ્રહ ઉપર માએ ફેરવ્યો. દરેક ગ્રહની વિશિષ્ટતા; વિલક્ષણતા ને શક્તિ સમજાવ્યાં. આ ગ્રહો મનુષ્યના સુખદુઃખ સાથે જડાયેલા હોય છે. મનુષ્ય સુખમાં હોય ત્યારે સુખના ગ્રહો તેની નજીક હોય છે, દુઃખમાં હોય તો જે તે ગ્રહો તેની નજીક હોય છે. દરેક ગ્રહમાં એક એક દેવ હોય છે. દુઃખમાં જે તે દેવોની ઉપાસના કરવાથી તે શાંત પડે છે. એક પ્રકાશના સૂર્યનું દર્શન કરાવીને જણાવ્યું કે આ શક્તિ વડે જગતના જીવોને હું શક્તિ પ્રદાન કરું છું, જેના વડે તારે પોતે જ્ઞાન ગ્રહણ કરવાનું છે. તે આ પ્રાણ છે, આત્મા છે, આ જ શક્તિ વડે હું જન્મદાત્રીના ગર્ભમાં જીવ અર્પું છું, જેને લાખો વૈજ્ઞાનિકો પાકશે છતાં ઓળખી શકશે નહિ. પછી માએ ગ્રહણ કરેલ આયુધો સમજાવ્યાં. તેનો ઉપયોગ સમજાવ્યો. ]

*

## ૧૪ : સમાપ્તિને આરે : ગુરુદેવનાં સૂચનો

બાવીસમા લક્ષના મંત્રજપ હજી ચાલુ હતા. કરોડરજ્જુનો દુઃખાવો સાધારણ હતો. શરીરમાં કંપારીસ્ફુરણા આવ્યા કરતી. વહેલી સવારે ૪–૩૦ વાગ્યે મને કોઈ ઉઠાડતું હતું. રાત્રે સૂતી વખતે પ્રકાશનો ઝબકાર થતો. રાત્રે સુંદર સ્વપ્નો આવતાં. નિદ્રા ઓછી આવતી. શરીરમાં અખૂટ શક્તિનો સંચાર થતો હોય એવું લાગતું. માથું ભારે લાગતું. ખોરાક પ્રત્યે સૂગ ચઢતી. મા ગાયત્રી દેવીને નિહાળવાનો ભારે ઉત્સાહ આવી જતો. હું લાગણીવશ બની જતો. શરીર ગરમ અને લાલ બની જતું.

તા. ૨૧–૧૦–'૭૭ ના રોજ બહારથી ઘર તરફ આવતો હતો. ચાલતાં ચાલતાં કંપારી–સ્ફુરણા સાથે લાગણી ધસી આવી. અસહ્ય સ્થિતિમાં આવી ગયો. ઘેર આવી મંત્રજપ કરવા બેસી ગયો ત્યારે થોડી શાંતિ થઈ. માંડ એક માળા પૂરી થવા આવી ત્યાં માનો આદેશ મળ્યો કે હવે તું તારી ત્રીજી આંખ વડે સૂર્યશક્તિ નિહાળ. મેં તેમ કર્યું. ત્યાં તો સફેદ ચાંદી જેવો ચકચકતો શક્તિશાળી પ્રકાશપુંજ મારા કપાળમાં ધસી આવ્યો. આંખે અંધારાં આવી ગયાં. શરીર ગરમ થઈ ગયું. આખા અંગમાં ઝણઝણાટી વ્યાપી ગઈ. કરોડરજ્જુમાં ઝમઝમ થવા લાગ્યું. હું શરીરનું ભાન ભૂલી ગયો. લાગણી ધસી આવી. ગળે ડૂમો ભરાઈ આવ્યો. જ્ઞાનતંતુ કાર્ય કરતાં બંધ થતાં લાગ્યાં. હું બેશુદ્ધ જેવો થઈ ગયો. આર્દ્ર દિલે રડી ઊઠ્યો. આખો ઓરડો મધુર સુવાસથી મહેકી ઊઠ્યો. આનંદનો અતિરેક થઈ ગયો હતો. આંખની આસપાસ અસંખ્ય કીડીઓ ચટકા ભરતી હોય એવો અનુભવ થયો. આનંદની



Scanned by CamScanner

પરાકાષ્ટા આવી ગઈ. હું પોકારી ઊઠયો, 'બસ, મા, હવે હુ વેઠી શકતો નથી. મારાથી સહન થતુ નથી. મા, કૃપા કરો.' ખૂબ વિનંતી–વિનવણીના અંતે ડાબા ખભે અને માથે સ્પર્શ થયો. માએ કહ્યું, 'તું મારો બાળક છે. તું મને પ્રિય છું. હવે હું–તુંનો ભેદ નથી. તારા શરીરની ચિંતા કરીશ નહિ. મધુર સુવાસ મને પ્રિય છે. કોઈ બાહ્યાડંબર કરવાની જરૂર નથી. તું ગમે ત્યારે માળા કરી શકે છે. પેલું મન લઈને હવે તારે કોઈ જ ક્રિયા કરવાની નથી.

મેં કહ્યું, 'મારે શાસ્ત્રીજી પાસે જવું છે.' માએ જણાવ્યું, 'જા જવું હોય તો. મેં ખબર આપી જ દીધી છે. હવે હાર–તોરા કરવાની જરૂર નથી. માત્ર ફૂલ લઈને જઈશ તો ચાલશે.' હું ઊઠવાની તૈયારી કરતો હતો ત્યાં માએ કહ્યું કે 'માળા અધૂરી ન રખાય પૂરી કરીને જા.' ઝડપથી માળા પૂરી કરી, તૈયાર થઈ બહાર નીકળવા લાગ્યો, ત્યાં ફરી સૂચના મળી 'કેમ પગે નહિ લાગે?' હું શાંતિથી બેસીને પગે લાગ્યો. તરત જ મારા ડાબા ગાલે સ્પર્શ થયો. મને કહ્યું કે 'ઊઠ, જા, જલદી જા, શાસ્ત્રીજી બેઠા જ છે. જલદી પાછો આવજે. રિપુ સાચવજે.'

પૂ. શાસ્ત્રીજીને ત્યાં ગયો તો ખરેખર જ શાસ્ત્રીજી તેમની પૂજારૂમમાં શાંત ચિત્તે બેઠા હતા.

મારું માથું ખૂબ ભારે લાગતું હતું. શરીરમાં કંપારી આવતી હતી. વારંવાર લાગણી ધસી આવતી હતી. આ વખતે પૂ. શાસ્ત્રીજી માટે માના આદેશ મુજબ ફૂલહારને બદલે માત્ર ચાર–પાંચ ફૂલ સાથે લીધાં હતાં. પૂ. શાસ્ત્રીજી એમના પૂજાના ઓરડામાં હતા. એ તરફ જતાં મારા પગ ખૂબ ભારે થઈ ગયા. આગળ ડગ ભરતાં તકલીફ પડવા લાગી. લાગણી, કંપારી અને ભાવથી બેશુદ્ધિ આવવા લાગી. રડવું ખાળી શકયો નહિ. હું ડૂસકે ડૂસકે રડી પડયો. પ્રયત્નપૂર્વક એમની સમીપ ગયો. ફૂલ અર્પણ કરીને પ્રણામ કર્યા. વધુ લાગણીવશ બની ગયો. ખૂબ રડયો. પૂ. શાસ્ત્રીજીએ પીઠ પર હાથ મૂકી, ફેરવી શાંત પાડયો. આશ્વાસન આપ્યું. મને ઘણો સંતોષ થયો. સ્થસ્થ થઈ ગયો. મેં મારો ઉપાસના–અનુભવ જણાવ્યો. તેઓ અત્યંત શાંત ને ખુશમિજાજમાં હતા. હવે પછી જે અનુભવ થાય તે કોઈને જણાવવા નહિ એમ સૂચવ્યું. બીજાં કેટલાંક સૂચનો પણ કર્યાં. મારું હૈયુ આનંદથી ડોલી રહ્યું હતું. પ્રણામ કરી હું બહાર નીકળતો હતો ત્યાં અચાનક જ મધુર સૌરભ વહેવા લાગી. મીઠી–મધુરી સુવાસ મારા નાકમાં તીવ્ર રીતે ઉપસી આવી. હું ક્રોધિત થઈ ગયો. પૂ. શાસ્ત્રીજી તરફ જોઈને પૂછવા જતો હતો, 'કેમ, સુગંધ...' હું આગળ કંઈ બોલું તે પહેલાં જ શાસ્ત્રીજીએ મને શાંત રહેવા સૂચવ્યું: 'કંઈ નહિ...તમે શાંતિથી જાઓ...' પ્રસાદ લઈ ઘર તરફ નીકળ્યો. હજી યે મીઠી સૌરભ વહી રહી હતી. ઘણા લાંબા સમય સુધી આ અનુભૂતિને માણતો રહ્યો.

આવા લાગણીના આરોહ–અવરોહમાં, ભાવાવેશમાં પુરશ્ચરણ સમાપ્તિને આરે આવી ઊભું હતું. પૂ. ગુરુદેવ શ્રી શાસ્ત્રીજી ખૂબ પ્રેમભાવે માર્ગદર્શન આપતા રહેતા હતા. વત્સલભાવે તેમના આશીર્વાદની અમીધારા અજસ્રપણે વહેતી રહેતી હતી.

કરોડરજ્જુનો દુખાવો હજી ચાલુ જ હતો. શરીરમાં કોઈ અજબ શક્તિનો અનુભવ થયા કરતો, કંપારી આવ્યા કરતી, મીઠી સૌરભ ગમે ત્યારે, ગમે તે સ્થળે અચાનક પ્રસરી જતી, વારંવાર શરીરને કોઈ સ્પર્શ કરતું લાગતું, તે સાથે જ ભાવવિભોર ને લાગણીવિવશ બની જતો, ગળે ડૂમો ભરાઈ આવતો ને રડી પડતો.

પૂ. શાસ્ત્રીજી માટે ફૂલહાર લઈ જવાનો માનો આદેશ હતો. તે અનુસાર અમે કાયમ ફૂલહાર લઈને જતાં, જેનું રહસ્ય આજે સમજાયું. મંત્રજપ સમયે પૂ. શાસ્ત્રીજીના પૂજારૂમનું દશ્ય ખડું થયું.



Scanned by CamScanner

શાસ્ત્રીજી પૂજારૂમની ખુરશી ઉપર આનંદમગ્ન ચહેરે બેઠા હતા. ગળામાં થોકબંધ સફેદ ફૂલના હાર હતા. ધીમે ધીમે પૂ. શાસ્ત્રીજીની મુખાકૃતિને બદલે મા ગાયત્રીદેવીનો ચહેરો ઉપસવા લાગ્યો. અને ફૂલ-હારની વચ્ચે મા ગાયત્રીનો ગુલાબી ચહેરો માલુમ પડતો હતો. ધીમે ધીમે માનો ચહેરો પ્રકાશમય થવા લાગ્યો. સ્પષ્ટ દેખાવા લાગ્યો. માના હોઠ ખૂલવા લાગ્યા. નીચેના શબ્દો સંભળાયા : 'તમે જે હાર શાસ્ત્રીજીને ચઢાવ્યા હતા તે ખુદ મને જ ચઢાવ્યા હતા. શાસ્ત્રીજીના રૂપમાં દરેક હાર મેં ગ્રહણ કર્યા છે.' અમે સફેદ ફૂલના હારની વચ્ચે ગુલાબનાં ફૂલ બાંધેલ હાર અમે કાયમ લઈ જતાં એ જ ગુલાબવાળા હારની વચ્ચે મા ગાયત્રીદેવીના શબ્દો સાંભળતો, માનો ચહેરો હું નિરખી રહ્યો હતો. અને ખૂબ સંતોષ થયો. અશ્રુ ટપકવા લાગ્યા. શરીર ગરમ થઈ ગયું. આંખો બળવા લાગી. મારા ગાલ ઉપર કંઈક સ્પર્શ થયો. મીઠી સૌરભ પ્રસરી રહી. જપક્રિયા બંધ કરીને ઘણીવાર સુધી એકચિત્તે શાંતિથી બેસી રહ્યો.

પૂ. શાસ્ત્રીજીએ પોતાના શૈશવકાળથી સમ્પૂર્ણ શ્રદ્ધા ને શરણાગતિ ભાવે નિષ્કામ ઉપાસના આદરી ને કાળક્રમે મા ગાયત્રીનો એમને સાક્ષાત્કાર થયો. મા ગાયત્રીએ એમનામાં નિવાસ કર્યો તેથી પૂ. શાસ્ત્રીજી મા ગાયત્રીના મૂર્તિમંત સ્વરૂપ સમા છે. મા ગાયત્રીના સાક્ષાત્ અવતાર છે તેથી શાસ્ત્રીજીને બદલે મા ગાયત્રીદેવીનો ચહેરો ઉપસવા લાગ્યો કે શાસ્ત્રીજીને ચઢાવેલા હાર ખુદ મને જ ચઢાવ્યા છે એવા શબ્દોની પાછળ ઉપરોક્ત અર્થ જ અભિપ્રેત છે. તેથી જ પૂ. શાસ્ત્રીજીનું માર્ગદર્શન મેળવવું કે તેમના અંતરના આશિષ મેળવવા એ પ્રત્યેક માનવી માટે, પ્રત્યેક જિજ્ઞાસુ સાધક માટે શ્રેયસ્કર નીવડે છે એ અનુભવસિદ્ધ હકીકત છે.

બાવીસમો લાખ હજુ ચાલુ હતો. કરોડરજ્જુની પીડા હજી ઓછી થતી નહોતી. ખભાના અંદરના ભાગમાં સૌથી વધુ દુઃખાવો થતો હતો. શરીર ગરમ થઈ જતું હતું. આંખો ખૂબ બળતી હતી. માથામાં સણકા ઊઠતા હતા. માથું ભમવા લાગ્યું ખભાના ભાગમાં ઝણઝણાટી થતી હતી. પેટમાં જાણે કોઈ ગોળો ગતિ કરતો હતો. હાથ-પગની નસો અંદરની તરફ ખેંચાતી હતી. સાથળમાં થોડી થોડી વારે ધ્રુજારી થતી હતી. કમરમાં પીડા થતી હતી.

પછી માથામાં ધીમો દુખાવો ઉપડયો. પેટનો ગોળો ગોળ ગોળ ફરવા લાગ્યો. સમગ્ર શરીર પીડા ભોગવવા લાગ્યું. કષ્ટ સહન ન થતાં માને કરગરવા લાગ્યો. રડી પડયો. પેટમાંનો ગોળો શરીરમાં બધે ફરવા લાગ્યો. કેડમાં સખત દુખાવો થવા લાગ્યો. સહન ન થતાં ઊઠી ગયો. મૂંઝારા વધી પડી. પૂ. શાસ્ત્રીજી પાસે પહોંચ્યો. રડતાં રડતાં મારા દુઃખની કથની કહી. પૂ. શાસ્ત્રીજીએ આશ્વાસન અને શાંતિ રાખવા જણાવ્યું અને કહ્યું, 'બધું મટી જશે. તમે શાંતિથી મંત્ર કર્યા કરો.' હું શારીરિક પીડામાં શાંતિ શોધવા લાગ્યો.

ફરી મંત્રજપ કરવા બેઠો. હાથ-પગમાં કળતર થવા લાગી શરીરમાં કંપારી આવવા લાગી. શરીરમાં ફરતો ગોળો ઉપર તરફ આવવા લાગ્યો. હવે ખ્યાલ આવ્યો કે જીવ ઉપરની તરફ ગતિ કરે છે. ચક્કર આવવા લાગ્યાં. આંખે અંધારાં આવવા લાગ્યાં. અંધારામાં અસંખ્ય આગિયા ચમકાર કરતા લાગ્યા. શરીર ધ્રૂજતું હતું. ગળામાંથી મંત્રનો અવાજ નીકળતો નહોતો. છેવટે હોઠ ફફડાવી મંત્ર કરવા લાગ્યો. શરીરમાં ફરતો ગોળો ગળા તરફ આવ્યો. પ્રાણ નીકળી જશે એમ લાગ્યું. માનસિક ત્રાસ અને શારીરિક પીડાથી હું ભાંગી પડતો હતો. લાચાર બનતો હતો. મંત્ર છોડી દેવાના વિચારો આવ્યા. પણ એનો અમલ ન કરી શક્યો. ત્રાસ અને કષ્ટથી શરીર શક્તિહીન બની ગયું હતું ચહેરો નિસ્તેજ થઈ ગયો હતો.



Scanned by CamScanner

પૂ. શાસ્ત્રીજીની સૂચના અનુસાર મારા દુઃખની વાત કોઈ ને કરી શકતો નહિ. ઘરના માણસોને પણ ખબર પડવા દીધી નહિ ન સહેવાય ને ન કહેવાય એવી સ્થિતિ થઈ ગઈ. મા ગાયત્રીના દર્શનની તીવ્ર ઇચ્છા જાગી. તેનાં દર્શન કરવા ગમે તે કષ્ટ સહન કરવાની તૈયારી હતી. મનોબળ મક્કમ કર્યું.

જાણે મોતનાં જ બધાં ચિહ્નો દેખાતાં હતાં. મોતનો ડર લાગવા માંડયો. છતાં મેં મંત્રજપ છોડયા નહિ. મારું આખું શરીર અંદર ખેંચાવા લાગ્યું. ચક્કર આવ્યાં, બધું ફરતું લાગ્યું. જીવ ઉપર તરફ ગતિ કરતો હતો. ઊઠી ગયો, થોડો આરામ કરી ફરી બેઠો. દુઃખ અને પીડા શરૂ થયાં. પ્રાણ માથામાં ગયાનો અનુભવ થયો. એ વખત પ્રાણની ગતિ માથામાં પહોંચી. નાળિયેરની ઊંધી કાચલી માફક, માથામાં ટેકરો ઉપસી ગયાનો બે વાર અનુભવ થયો. માથામાં હાથ ફેરવી જોયું પણ કશું માલમ ન પડ્યું.

શક્તિ, સાધના ને મોત સાથેના જંગમાં સાધનાનો વિજય થયો, પીડા ઓછી થઈ, ઉત્સાહ વધવા લાગ્યો. શાંતિનો અનુભવ થયો.

* * *

## પૂ. શાસ્ત્રીજીએ મુક્ત કર્યો

આમ મા ગાયત્રીની કૃપા ને ગુરુદેવ પૂ. શ્રી શાસ્ત્રીજીના માર્ગદર્શન અને આશીર્વાદ દ્વારા પુરશ્ચરણ ભાવના આરોહ-અવરોહ, મંદ ને વેગવાન એમ મંત્રજપની સમાપ્તિના આરે આવી પહોંચ્યું. તા. ૨૮-૧૧-૧૯૭૭ ને શિવરાત્રીના દિવસે અમે બંને પતિ-પત્નીએ ગાયત્રી મહામંત્રનું પુરશ્ચરણ સમાપ્ત કર્યું. ચોવીસ લક્ષ મંત્રજપ કરતાં એકવીસ મહિના લાગ્યા. એકવીસ મહિના દરમ્યાન પૂ. શાસ્ત્રીજીએ ઘણા અનુભવ કરાવ્યા. પૂ. શાસ્ત્રીજીને અમે ગુરુપદે પ્રસ્થાપિત કર્યા છે. પુરશ્ચરણના અન્તે આત્મ-સાક્ષાત્કાર કરાવી મુક્ત કર્યો.

એકવાર હું કેટલાક કારણસર હું વિક્ષુબ્ધ હતો. પૂ. શાસ્ત્રીજીને એની જાણ કરતાં એમણે મને બગલામુખી સ્તોત્રનો પાઠ કરવા જણાવ્યું. સવાર-સાંજ હું નિયમિત એનો પાઠ કરતો. એક વાર એમણે કમળનું ફૂલ આપ્યું. એ દેવસ્થાનમાં મૂક્યું. બીજે-ત્રીજે દિવસે મા ગાયત્રી દેવીએ સ્વપ્નમાં મારી પત્ની અનસૂયાને કમળનું ફૂલ ને ત્રાંબાની મૂર્તિ આપી. ઘણીવાર અમે મંત્રજપ કરતાં કંટાળી જતાં તેથી પૂ. શાસ્ત્રીજીને અમે પૂછ્યું કે બાકીના મંત્રો બીજા પાસે કરાવીએ તો ચાલે કે કેમ ! તેમણે સ્પષ્ટ ના કહી અને જણાવ્યું કે પુરશ્ચરણ તમારે જાતે જ કરવાનું છે. થાક અને કંટાળો આવે તો મંત્રજપની સંખ્યા ઓછી કરો, પણ જપ છોડશો નહિ. બીજા પાસે જપ કરાવવાના વિચારો છોડી દો.

નાના બાળકને સમજાવતાં હોય એમ શાસ્ત્રીજી અમને પ્રોત્સાહિત કરતા. અપાર કરુણા, વત્સલતા ને સ્નેહથી સમજાવતાં સમજાવતાં એમણે અમને વીસ લક્ષ મંત્રજપના આરે પહોંચાડી દીધા.

નવરાત્રમાં અમે અવિરતપણે મંત્રજપ ચાલુ રાખતા એકવાર નવરાત્ર શરૂ થતાં પહેલાં પૂ. શાસ્ત્રીજીનાં દર્શને ગયાં ત્યારે તેમણે શ્રીફળ આપ્યું, ને કોઈક અનેરા આનંદ-ઉત્સાહથી ઘેર પાછા ફર્યાં. મંત્રજપ ચાલુ રાખ્યા.

તા. ૧૩-૧૦-'૭૭ થી તા. ૨૮-૧૦-'૭૭ સુધીના પંદર દિવસ દરમ્યાન મને કષ્ટદાયક, દુઃખદ ને અલૌકિક અનુભવ થવા લાગ્યા. પૂ. શાસ્ત્રીજીને પોકારી ઊઠતો. તરત એમનાં દર્શન થતાં. પુરશ્ચરણ પૂર્ણ થતાં પૂ. શાસ્ત્રીજીએ કેટલાક સલાહ-સૂચનો આપ્યાં.



Scanned by CamScanner

દિવ્યપ્રકાશ, નાદ, જ્યોત, ઊર્ધ્વગતિ અને આત્મ-સાક્ષાત્કાર સુધી પહોંચતાં સુધી તેના રક્ષણની પૂર્ણ જવાબદારી ગુરુ જ રાખતા હોય છે. ઊર્ધ્વ ગતિ ઇચ્છતા સાધકે મંત્રજપ સતત ચાલુ રાખવાના હોય છે. પૂ. શાસ્ત્રીજીએ મારી ઘણી સંભાળ લીધી છે. સાધના દરમ્યાન અમારી અનેક ભૂલો સુધારી છે. સહન પણ કરી લીધી છે. મને અણુસાર માત્ર પણ આપ્યા વિના ઘણી ઉચ્ચ કક્ષાએ મૂકીને આત્મ-સાક્ષાત્કાર કરાવી લાખો જન્મમાંથી મુક્ત કર્યો છે એ ઋણ કયારેય અદા કરી શકાય એમ નથી.

પૂ. શાસ્ત્રીજીને લોકકલ્યાણનું કાર્ય કરવાની અખૂટ શક્તિ મા ગાયત્રી દેવી તરફથી પ્રદાન થાય તેવી અંતઃકરણની પ્રાર્થના.

આમ ગુરુદેવ પૂ. શ્રી શાસ્ત્રીજીએ પુરશ્ચરણ પૂર્ણ કરાવ્યું. અગત્યનાં સૂચનો કર્યાં. માર્ગદર્શન આપ્યું. કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે જેવા માનવજાતના શત્રુઓથી સાવધ ને સાવચેત રહેવા જણાવ્યું. સાધના પૂર્ણ કર્યા પછી સાધના દ્વારા સંચિત્ કરેલી શક્તિનો વિનિયોગ જો સાધક લોકકલ્યાણ અર્થે કરે તો એની સાધનાની સિદ્ધિ માતાજી તરફથી પ્રસાદીરૂપે પ્રાપ્ત થતી જ રહે છે. પરન્તુ જો સાધક પોતાના માર્ગમાંથી ચ્યુત થઈને અન્ય માર્ગે દોરાય તો સાધક જાતે જ પોતાનું પતન નોતરે છે, આધ્યાત્મિક પંથ – સાધના માર્ગ અત્યંત વિકટ ને કાંટાળો છે. એ સાધનાની સિદ્ધિ પ્રાપ્ત કર્યા બાદ એને સાદ્યંત જાળવવી અત્યંત દુષ્કર છે. એ સાધના પ્રત્યે વફાદાર રહેવામાં, નિષ્ઠાવંત ને પ્રમાણિક રહેવામાં અનેક પ્રલોભનો એમાંથી ચ્યુત કરવા માટે માનવીની સન્મુખ આવીને ઊભાં રહે છે. એને લલચાવે છે. પણ કોઈપણ જાતનાં પ્રલોભનોમાં ફસાયા વિના, માતાજીની સમ્પૂર્ણ શરણાગતિ સ્વીકારી, પૂરી શ્રદ્ધા તેમજ નિષ્ઠા, ખંત, ધીરજ, પ્રમાણિકતા, મન, વચન ને કર્મની પવિત્રતા જાળવી, નિષ્કામભાવે આરાધના કરવાથી મા ગાયત્રીની કૃપાવર્ષા અવિરતપણે થતી રહે છે. સાધકનું કલ્યાણ થાય છે. આત્મ-વિકાસ સધાય છે, એનું જીવન ઊર્ધ્વગતિએ પ્રયાણ કરે છે ને જીવ મુક્ત બને છે.

□


'ૐ ગુરુકૃપા હિ કેવલમ્'

મા ગાયત્રીની કૃપા અને પૂજ્ય શાસ્ત્રીજીના આશીર્વાદ અમ સૌ પર અવિરતપણે વરસતા રહો.

*** જય અંબે સોપ એન્ડ ટી સેન્ટર ***

અલયાવાડી, માળી ફળિયા, સુરત

ફોન નંબર : ઑફિસ : ૨૯૧૯૪, ૩૬૩૦૬, ૨૩૮૪૯ * ઘર : ૨૩૯૧૨, ૩૩૬૩૦, ૨૪૦૪૧





Scanned by CamScanner

# સંત ચિદંબરસ્વામી

શ્રી 'સત્યમ્'

['જનકલ્યાણ'માંથી સાભાર]

ચિદંબર સ્વામીનો જન્મ દક્ષિણ ભારતમાં મદુરા નગરીમાં થયો હતો. બચપણથી જ તેમના કુટુંબની પરંપરા અનુસાર તેમણે વિદ્યા અને શાસ્ત્ર-જ્ઞાનની પ્રાપ્તિ કરી લીધી હતી. તેમણે વેદોનો ઊંડો અભ્યાસ કર્યો હતો અને ધર્મમાં અન્ય શાસ્ત્રોનું પણ પરિશીલન કર્યું હતું.

અભ્યાસ પૂરો કર્યા બાદ એમણે એક સાધનસંપન્ન કુટુંબમાં બાળકોને ભણાવવાનું શરૂ કર્યું. આ કુટુંબ ધાર્મિક વૃત્તિવાળું હતું, એથી આ ઘરમાં ઘણીવાર મહાન પુરુષોનું આગમન થયા કરતું હતું.

એક દિવસ મહાન આચાર્ય કુમારદેવનું આ ઘરે આગમન થયું. બાળકોના પિતાએ કુમારદેવને ગુરુસ્થાને સ્થાપ્યા હતા. કુમારદેવનો ધર્મશાસ્ત્રનો અને વેદાંતનો એટલો બધો વિશાળ અભ્યાસ હતો કે તેમની સામે વેદાંતના શાસ્ત્રાર્થમાં ઊતરવાની હિંમત કોઈ કરી શકતું નહોતું. ભલભલા વિદ્વાનો ને ધર્માચાર્યો તેમની વિદ્વત્તા અને પંડિતાઈને પૂજતા. ચિદંબર સ્વામીને પણ પોતાની વિદ્વત્તા માટે ભારે અભિમાન હતું. પોતે પ્રકાંડ પંડિત અને વેદાંતી છે એવો એમને ઘમંડ હતો.

આવા અભિમાનને કારણે એમણે આસન પરથી ઊઠીને આચાર્ય કુમારદેવનું સન્માન કે અભિવાદન કર્યું નહીં. શિષ્ટાચાર ખાતર નમન પણ કર્યું નહીં. આચાર્ય કુમારદેવને ચિદંબરના આવા પ્રકારના તોછડા વર્તનથી તરત જ સમજાઈ ગયું કે આ જુવાનના મગજમાં વિદ્યાનું ખોટું અભિમાન ભરાયું છે. આચાર્યે શાંતિથી ચિદંબરને પૂછ્યું 'ભાઈ, તેં શાસ્ત્રોનો કેટલો અભ્યાસ કર્યો છે?' ચિદંબરે કહ્યું 'સકલધર્મશાસ્ત્રોનો મેં અભ્યાસ કર્યો છે. વેદાંતમાં પણ હું પારંગત છું. મારી વેદાંત અંગેની વિદ્યાને કોઈ જ પડકારી શકે એમ નથી.'

આ સાંભળીને આચાર્યને મનમાં જરા હસવું આવ્યું, પણ એમણે ચિદંબરને બીજી આડીઅવળી વાત ન પૂછતાં વેદાંત અંગેના કેટલાક પારિભાષિક શબ્દોના અર્થ પૂછ્યા.

એ પ્રશ્નોના જવાબો ચિદંબરથી આપી શકાયા નહીં. એમની વિદ્યાનું અભિમાન ઊતરી ગયું. પોતે વેદાંતના મહાન જાણકાર છે એવા ઘમંડનો નાશ થયો. પોતાને કોઈ મહાત કરી શકે એમ નથી એવી મિથ્યા દૃષ્ટિનો ધ્વંસ થયો. આચાર્ય કુમારદેવની વિદ્વત્તાનો પણ સાચો ખ્યાલ આવી ગયો. આચાર્ય કુમારદેવનો પોતે સત્કાર કર્યો નહોતો એ વાતની યાદ આવતાં જ એમનું મુખ શરમ અને લજ્જાથી જાણે શ્યામ બની ગયું. તરત જ આસન પરથી એકદમ ઊભા થઈ ગયા અને સ્વામી કુમારદેવનાં ચરણમાં પડીને ગદ્‌ગદ્ સ્વરે બોલ્યા: 'આચાર્ય કુમારદેવ, મને ક્ષમા કરો. ઘુવડ જેવો હું સૂરજનો પ્રકાશ જોઈ શક્યો નહીં. વેદાંતનો પાર પામવા માટે મારે વધારે અભ્યાસ અને ચિંતનની જરૂર છે, એનો આથી મને ખ્યાલ આવ્યો છે. આપનો અનાદર કરીને મેં એક મહાન અપરાધ કર્યો છે, હું અબુધ છું, મૂઢ મતિનો છું, મને ક્ષમા કરો.'

'ભૂલ તો માનવમાત્રની થાય, ચિદંબર! પણ એક વાત ખાસ ધ્યાનમાં રાખવી કે વિદ્યાના અભિમાન જેવી કોઈ બીજી વાત ખરાબ નથી. એવા અભિમાનથી આત્માની તેજસ્વિતા હણાય છે. વિદ્યાના અહંકારથી વિદ્યા કદાપિ સાર્થક બનતી નથી.'

આચાર્યના આ વચનોથી ચિદંબરના જીવનમાં એક નવા જ પ્રકાશની જ્યોતિ જાણે ઝળહળી ઊઠી. જીવનના એક પરમ સત્યનું તેને દર્શન થઈ આવ્યું કે વિદ્યામાં નમ્રતા અને નિરાડંબર હોવાં જોઈએ. એ વિના વિદ્યા શોભતી નથી.

'આચાર્ય, આપ જ મારા ગુરુ છો, આપ હાજર નહિ હો તો હું આપની મનોમૂર્તિ નજર સામે રાખીને અભ્યાસ કરીશ અને વિદ્યા પ્રાપ્ત કરીશ.'

આચાર્ય કુમારદેવ તો થોડા સમય બાદ ત્યાંથી ચાલ્યા ગયા. ચિદંબરે હવે તનમનથી વેદાંતનો અભ્યાસ વધારવા માંડયો. રાતદિવસ વેદાંત સિવાય બીજી કોઈ વાત જ નહિ.

આમ ને આમ લગભગ છ મહિના વીતી ગયા.

એવામાં વળી આચાર્ય કુમારદેવનું આગમન થયું. ચિદંબરે આ વખતે એમનો ઘણો જ સારો આદર-સત્કાર કર્યો.

આચાર્યે વેદાંત અંગે કેટલાક ખૂબ અઘરા પ્રશ્નો કર્યા. ચિદંબરે તેના યોગ્ય જવાબો આપ્યા. આચાર્ય કુમારદેવને ઘણો જ સંતોષ થયો. 'વત્સ, હવે તું મારો સાચો શિષ્ય બન્યો અને હું તારો ગુરુ. હું તારો ગુરુ બન્યો એટલે તારી પાસે ગુરુદક્ષિણા માગવાનો અધિકાર મને મળે છે. હું માંગું તે ગુરુદક્ષિણા તું આપીશ ને?'

ચિદંબરે ઉત્તર આપ્યો: 'આપ જે કંઈ માગશો તે હું આપીશ. બોલો, ગુરુદક્ષિણામાં તમારે શું જોઈએ છે?'

'હું ઇચ્છું છું કે તું વેદાંત પર તામીલ ભાષામાં ટીકાઓ લખ! બસ આ જ વસ્તુ મારે ગુરુદક્ષિણામાં જોઈએ છે.'

ગુરુની આજ્ઞા માથે ચડાવી તેમણે તામીલ ભાષામાં વેદાંતની ટીકાઓ લખવા માંડી.

એકવાર તેઓ રાત્રે ઊંઘી ગયા હતા ત્યારે તેમને સ્વપ્ન આવ્યું, એમાં તેમણે એક મોર જોયો. દક્ષિણમાં મોરને ભગવાન સુબ્રહ્મણ્યનું વાહન ગણવામાં આવે છે.

થોડી વારમાં એમની આંખો ઊઘડી ગઈ. તેઓ મનની અંદર વિચાર કરવા લાગ્યા કે આ સ્વપ્નનો અર્થ શો હોઈ શકે? ભગવાન સુબ્રહ્મણ્ય પોતાના વાહન મોરને મોકલીને મને શો આદેશ આપતા હશે?

તરત જાણે તેમને અંતરનાદ સંભળાયો કે, 'હે ચિદંબર, તું તિરુપોરુરના મંદિરનો જિર્ણોદ્ધાર કર. ભગવાનનો એ જ તને આદેશ છે કે એ મંદિરનું પુનર્નિર્માણ કર!'

સવાર પડતાં પડતાં તો એમણે મનમાં દઢ સંકલ્પ કરી લીધો કે ગમે તે થાય તો પણ મારે એ મંદિરની પુનર્રચના કરવી જ મારી પાસે પૈસો નથી, એવું બહાનું કાઢીને મારે તેમાંથી છટકી જવું જોઈએ નહીં. ખરે, ભક્તનાં સંકટોમાં હંમેશાં ભગવાન સહાયભૂત જ હોય છે.

સવારે તો તેઓ પોતાનું શહેર છોડીને તિરુપોરુરના રસ્તે ચાલવા લાગ્યા.

મદુરાની અંદર એક નામચીન ચોર રહેતો હતો. ઘણાં વર્ષોથી તે ચોરીના ધંધામાં પડયો હતો. તેણે એ કળામાં એવી સિદ્ધિ પ્રાપ્ત કરી હતી કે તેને કોઈ જ પકડી શકતું નહોતું. આ ચોરને ખબર પડી કે ચિદંબર સ્વામી એમનું ઘર બંધ કરી શહેર બહાર ક્યાંક ચાલ્યા ગયા છે આ સમાચારથી

ચોરનું મન આનંદથી નાચી ઊઠયું. તેને થયું કે આજે રાતના જ સ્વામી ચિદંબરના ઘરમાં ખાતર પાડીને એમના ઘરની માલમત્તા હાથ કરું !

રાત્રે ચિદંબરના ઘર પાસે આવ્યો. ખાતર પાડીને તે ઘરમાં પેઠો ઘરની વસ્તુઓ ચોરીને ઘરની બહાર નીકળ્યો. ચોરી લાવેલી વસ્તુઓ તેણે ઘરના એક ખૂણામાં મૂકી દીધા ને સૂવા ગયો. ત્યાં તો એની આંખોમાં કાળી બળતરા ઊપડી ને વધવા લાગી. આખી રાત બળતરા ચાલુ જ રહી. સવાર થયું. તે કોઈ પણ વસ્તુને જોઈ શકતો જ નહીં, કારણ પોતે આંધળો બન્યો છે. એનું કારણ શું ? તરત જ તેને પોતાનું પાપકર્મ યાદ આવ્યું. પોતે સંત ચિદંબરના ઘરમાંથી ચોરી કરી છે તેને પરિણામે જ આંખો ગુમાવવી પડી છે.

તેને થયું કે લાવ, સ્વામી ચિદંબર પાસે જઈને મારા અપરાધની કબૂલાત કરીને એમની ક્ષમા માગવા દે. તેઓ ઈશ્વરના સાચા ભક્ત છે. તેઓ જરૂર મારા અપરાધને માફ કરશે ને મને ક્ષમા આપશે.

તે ચિદંબર પાસે આવી પહોંચ્યો. આવતાં જ તેમનાં ચરણોમાં લેટીને ધ્રૂસકે રડી પડયો ચિદંબરે રડવાનું કારણ પૂછયું. ચોરે જવાબ આપ્યો, 'મારાથી એક મહાન અપરાધ થઈ ગયો છે. તમારું ઘર રેઢું હતું. રાતના હું આપના ઘરમાં ચોરી કરવા ગયો. ને વસ્તુઓ ચોરી લાવ્યો. હું ઘેર પહોંચ્યો કે તરત જ મારી આંખોમાં ભયંકર પીડા ઊપડી. સવાર પડતાં હું મારી આંખો ગુમાવી બેઠો. આપને ત્યાં ચોરી કરી એથી જ મારી આંખો ગુમાવી બેઠો, એ વાતમાં કોઈ શંકા નથી. મને ક્ષમા કરો આપ મારા પર દયા કરો.'

સ્વામીજીએ જવાબ આપ્યો, 'ભાઈ, જે માણસ સાચો પશ્ચાત્તાપ કરે છે તેનું પાપ અવશ્ય નાશ પામે છે અને પશ્ચાત્તાપ કરીને બેસી રહેવાથી પણ કશું વળતું નથી. પશ્ચાત્તાપ કર્યા બાદ માણસે મનની અંદર એવું પાપકૃત્ય ફરીથી નહીં કરવાનો દૃઢ સંકલ્પ કરવો જોઈએ.'

ચોરે તરત જ કહ્યું, 'આપનું કહેવું ખરું છે. હું આજથી સંકલ્પ કરું છું કે હવે ફરીથી હું જિંદગીમાં કોઈ દિવસ ચોરી કરીશ નહીં.'

'જો, હવે એક બીજી વાત સાંભળ ! જે માણસ ધર્મ આચરે છે, ઈશ્વરની ભક્તિ કરે છે એના પર ભગવાનની કૃપા–દૃષ્ટિ જરૂર ઊતરે છે. જો તારે તારો અંધાપો દૂર કરવો હોય તો હું કહું તેમ કર !'

ચોર વચ્ચે જ બોલી ઊઠયો, 'બોલો, હું શું કરું તો મારો અંધાપો દૂર થાય ?'

ચિદંબર સ્વામીએ કહ્યું : 'ચોરી કરીને તેં ઘણું દ્રવ્ય મેળવ્યું છે. એ ધન એ તારા પાપની કમાઈ છે. તેં અનીતિનો આશ્રય લઈને એ ધન પ્રાપ્ત કર્યું છે, ચોરી કરવી એ ઘણો જ મોટો અપરાધ છે પણ એ બધું ધન તું સારા કાર્યમાં વાપરે તો તારું પાપ ધોવાઈ જાય.'

આપ જે રસ્તે એ ધન વાપરવાનો આદેશ આપશો એ રસ્તે હું એ ધન વાપરીશ. આપ મને કહો કે મારે એ પૈસો કયાં અને કેમ વાપરવો !'

સ્વામી ચિદંબરે જવાબ આપ્યો : 'જો ભાઈ, આ એક પ્રાચીન ચૈત્ય છે. આજે તે બિસ્માર હાલતમાં છે. તેનો જીર્ણોદ્ધાર થવો જરૂરી છે. પણ જીર્ણોદ્ધારનું કામ પૈસા વિના બની શકે નહિ. આ મંદિરનું પુનર્નિર્માણ થવું જ જોઈએ. તો મારી તને વિનંતી છે કે તું આ જીર્ણોદ્ધારના કાર્યોમાં તારું સર્વ દ્રવ્ય આપી દે. ભગવાનને એ ધન તું સમર્પણ કર ! આ જ એક સારામાં સારો ઉપાય છે ! તને જરૂર ઈશ્વર દૃષ્ટિ આપશે. તારો અંધાપો અવશ્ય દૂર થશે.'



Scanned by CamScanner

આ સાંભળીને તરત જ ચોર બોલી ઊઠયો : 'આ જ ક્ષણે હું આપને જણાવું છું કે, મારી પાઈએ-પાઈ હું પ્રભુને સમર્પણ કરું છું.'

સ્વામી ચિદંબરના આનંદનો પાર રહ્યો નહીં. એમને મનમાં થયું કે ચોર મારફત આવડી મોટી રકમ અપાવવામાં પ્રભુનો જ હાથ છે મારી મનોકામના અવશ્ય પૂરી થશે.

ચોરે પોતાની બધી જ મિલકત પ્રભુના ચરણે સમર્પિત કરી દીધી, અને એ દિવસે રાતના સ્વામી ચિદંબરની આજ્ઞા મુજબ ભગવાનની મૂર્તિ સમીપ સૂઈ ગયો.

સવાર થયું. આંખો ખોલીને ચારે બાજુ જોવા માંડયું. પહેલાંની જેમ તેને હવે એકેએક ચીજ-વસ્તુ દેખાવા માંડી. એનો અંધાપો ચાલ્યો ગયો હતો. દોડતો દોડતો સ્વામી ચિદંબર પાસે તે આવ્યો ને એમના પગમાં પોતાનું માથું મૂકીને કહેવા લાગ્યો : 'આપની કૃપાથી મને મારી આંખો પાછી મળી છે. આપનું ઋણ કદાપિ હું ભૂલીશ નહીં.'

સ્વામીએ જવાબ આપ્યો : 'ભાઈ, એમાં મારો તારા પર કશો જ અનુગ્રહ નથી. પ્રભુકૃપાથી જ તારો અંધાપો દૂર થયો છે. ઈશ્વરની કૃપા અપાર છે.'

તે દિવસથી ચોરે ચોરી કરવાનું મૂકી દીધું અને સ્વામી ચિદંબરનો પરમ શિષ્ય થઈને પ્રભુભક્તિ કરવા લાગ્યો.

મંદિરના જીર્ણોદ્ધારના કાર્યમાં આમ સ્વામી ચિદંબરને જોઈતી રકમ મળી ગઈ, એટલે તાબડતોબ જીર્ણોદ્ધારના કાર્યને એમણે હાથ પર ધર્યું.

'ભાઈ, ઈશ્વરની સાચી ભક્તિ કરશો અને એના પર અચલ આસ્થા રાખશો તો જરૂર તમારો રોગ દૂર થશે' આમ કહીને તેઓ દર્દીના માથે હાથ ફેરવતા અને શિવનું નામ લઈને તેને આશીર્વાદ આપતા. એમના આશીર્વાદથી લોકોનાં દુઃખો દૂર થતાં.

સ્વામી ચિદંબર કોઈની પાસે પૈસાની માગણી કરતા નહોતા. રોગીની ઇચ્છા હોય તો તે એની શક્તિ અનુસાર સ્વામીજીને કંઈક આપતો. સ્વામીજી એ રકમનો સ્વીકાર કરતા, પણ એમાંથી તેઓ એક પાઈ પણ પોતાને માટે વાપરતા નહોતા. એ રકમની પાઈએ-પાઈ મંદિરના જીર્ણોદ્ધારમાં વાપરતા.

મંદિરનું પુનર્નિર્માણ પૂરું થયું. સ્વામી ચિદંબરના જીવનનું એક ભગીરથ કાર્ય પૂરું થયું. પણ માત્ર આટલાથી જ સંતોષ માને તેવા સ્વભાવના સ્વામીજી નહોતા. તેમણે ધાર્મિક પુસ્તકો લખવાનું શરૂ કર્યું. પોતાની વિદ્વત્તા ને પાંડિત્યના નિચોડરૂપ એમણે સુંદર ઈશ્વરસ્તુતિ ને ઈશ્વરભક્તિના અનુપમ ગ્રંથોનું સર્જન કર્યું. એમનું સાહિત્ય એવી ઉચ્ચ કોટિનું ને ભક્તિરસથી તરબોળ હતું કે લોકોએ વાંચીને એમ જ કહેવા માંડયું : 'અરે, આ તો સાક્ષાત્ સરસ્વતી જ એમના સાહિત્યમાં પ્રગટ થઈ રહ્યાં છે.'

એમના બે ગ્રન્થો 'તિરુપોરુર સન્નિધિ મુરે' ને 'વૈરાગ્યશતક' એક અમર સાહિત્યની કક્ષામાં બેસે એવાં ઉત્તમ પ્રકારનાં છે.

એમના જીવનમાં આમ છતાં ખોટું ધર્માભિમાન હતું નહીં. કોઈ પણ માણસ પ્રત્યે તેઓ દ્વેષભાવ ધરાવતા નહોતા. જગત પ્રત્યે તેમણે સમભાવ દૃષ્ટિ કેળવી હતી. એમની નજરમાં કોઈ ઊંચ-નીચ નહોતું. એવો ભેદભાવ રાખવાથી આત્માની અવગતિ થાય છે એમ તેઓ માનતા હતા. તેમના જીવનમાં સંયમ ને સદાચાર ઓતપ્રોત થઈ ગયાં હતાં. એથી જ લોકો એમની ભક્તિને ઉત્તમ પ્રકારની ભક્તિ તરીકે લેખતા હતા. આમ ઈશ્વરની ભક્તિમાં જ પોતાનું જીવન પસાર કરીને તેઓ કૈલાસવાસી થયા. આજે પણ દક્ષિણ ભારતના મહાન વિદ્વાનોમાં ને સંતોમાં એમનું નામ સારું એવું સ્થાન ભોગવે છે.

□

Scanned by CamScanner

# ઓપરેશનમાંથી ઊગરી ગયા !

શરીરના કોઈ અસામાન્ય દર્દ પરત્વે ડૉક્ટરો શસ્ત્રક્રિયાની સલાહ આપે તે સમજી શકાય, પણ નાના અમથા દર્દ પરત્વે પણ ડૉક્ટરો શસ્ત્રક્રિયાની સલાહ આપે ત્યારે દુઃખ અને આશ્ચર્ય બંને થાય છે. દુઃખ એટલા માટે કે શસ્ત્રક્રિયાની વાત કોઈને માટે પણ દિલ ધડકાવનારી બની રહે છે અને સામાન્ય માનવીને એવા ખર્ચા પોષાતા પણ નથી એટલે એ ચિંતાપ્રેરક નીવડે છે. જ્યારે આશ્ચર્ય એટલા માટે થાય છે કે આધુનિક પદ્ધતિઓ અપનાવતા ડૉક્ટરો પાસે શરીરના નાનકડા દર્દની શું કોઈ દવા જ નથી કે સીધા તેઓ શસ્ત્રક્રિયા કરવા પર જ પહોંચી જાય છે ?!

શરીરનું દર્દ નાનું હોય કે મોટું, દર્દીને જ્યાં સુધી અંદરથી એમ ન થાય કે ના, મને સારું થઈ જશે, ત્યાં સુધી તે દર્દમાંથી રાહત કે મુક્તિ મેળવતો નથી. અહીં માનસશાસ્ત્રનો સિદ્ધાંત પણ કાર્ય કરે છે. દર્દીને તેના દર્દના નિવારણ માટે કોઈ રસ્તો ચીંધે ને તે રસ્તે જતાં જ 'હવે મને સારું થઈ જશે.' એવા ભાવોથી મન સભર બની જાય છે ત્યારે સાચે જ તેને તેના દર્દમાંથી મુક્તિ કે રાહત મળે છે.

આધિ-વ્યાધિ-ઉપાધિથી સંતપ્ત દરેકને ગુરુદેવ કેવળ ગાયત્રી–મહામંત્રનો જપ કરવા જ સૂચવે છે ને શારીરિક દર્દ માટે અભિમંત્રિત જીવનજળ આપે છે. પરન્તુ તેમની આધ્યાત્મિક ને આત્મિક શક્તિની પ્રખરતાના બળે તેમના સાન્નિધ્યમાં ડગ માંડતાં કે માંડવાનો વિચાર માત્ર કરતાં જ, વ્યક્તિનો આખો માનસિક અભિગમ બદલાઈ જાય છે. તે ઈષ્ટ-યોગ્ય પ્રતિ વળે છે અને ઈષ્ટ અભિગમને પ્રાપ્ત થયેલ માનવી માનસિક રીતે વધુ દૃઢ બને છે. પરિણામે તે તન અને મનની અનેક બિમારીઓમાંથી ઊગરી જઈ શકે છે.

અત્રે આવો જ એક પ્રસંગ પ્રસ્તુત કર્યો છે :

ભાવનગરના શ્રી શાન્તિભાઈ લખી જણાવે છે :

'તા. ૩–૯–'૮૪ ના દિવસે વહેલી સવારે દાતણ કરી રહ્યો હતો ત્યારે મારા ગળામાં દાતણનું છીલકું (છોડું) ભરાઈ જતાં અસહ્ય વેદના થવા લાગી. જમવાનું અને પાણી બંધ થઈ ગયાં. ખવાય તો નહિ જ, પણ પાણી પીઉં તો ઉલટી થઈ જાય તેવી પરિસ્થિતિમાં ત્રણેક દિવસ પસાર કર્યા અને કંટાળીને તા. ૬–૯–'૮૪ ના રોજ ડૉક્ટરને બતાવ્યું. તેમણે એક્સ–રે લેવા કહ્યું. એક્સ–રે-માં દાતણનું છીલકું છે તેવું આવ્યું. હું ડૉક્ટર પાસે ગયો. તેમણે મને 'ઓપરેશન કરી છીલકું કાઢવું પડશે' તેમ જણાવ્યું. અને તા. ૬–૯–'૮૪ ના રોજ દવાખાનામાં દાખલ થઈ જવા જણાવ્યું. હું, મારા ઘરનાં લોકો તથા સગાં–સ્નેહીઓ સૌ ચિંતાતુર થઈ ગયા. મારા બનેવીને મેં જાણ કરી. તેઓ તા. ૭–૯–'૮૪ ના રોજ પૂ. ગુરુદેવનો જન્મદિવસ હોઈ દર્શનાર્થે અમદાવાદ આવવાના હતા. મને કહ્યું અમારી સાથે ચાલો, ગુરુદેવનાં દર્શન કરી પછી દાખલ થજો. તેમની વાત સાંભળી ગુરુદેવના આશીર્વાદ લઈને જ ઓપરેશન કરાવવાનું નક્કી કર્યું.



Scanned by CamScanner

જેવું ગુરુદેવના દર્શને આવવાનું નક્કી થયું કે તરત મને થોડી રાહત થવા લાગી. એકાએક ઉલટી બંધ થઈ. સૌને આશ્ચર્ય થયું. મારા મનમાં દૃઢ વિશ્વાસ થઈ ગયો કે હું ગુરુદેવના દર્શન કરી સઘળી હકીકત તેમને જણાવીશ તો તેમના આશીર્વાદ અને મા ગાયત્રીની અસીમ કૃપાથી ઓપરેશન નહીં કરાવવું પડે! જેવા ગુરુદેવના નિવાસસ્થાને પહોંચ્યા કે શાન્તિ અને અલૌકિક ખુશ્બોમય વાતાવરણની સાથે જ મને જાણે કે કંઈ જ થયું નથી તેવો ભાસ થવા લાગ્યો. પૂ. ગુરુદેવના દર્શન કરી ધન્ય થયા. મેં મારી હકીકતની આપને જાણ કરી. બપોરે પ્રસાદ લીધો. કોઈ પણ જાતની તકલીફ વગર હું જમ્યો. બપોર પછી દર્શનાર્થીઓનો પ્રવાહ ઓછો થતા જીવનજળ કરાવ્યું. ગુરુદેવે રોજ એક કેળું લેવા કહ્યું. પછી અમે ભાવનગર જવા રવાના થયા. પૂ. ગુરુદેવના આદેશ મુજબ બીજે દિવસથી માળા કરી જીવનજળ લીધું, કેળું ખાધું અને રોજ એ ક્રમ ચાલુ કર્યો. ત્રીજા જ દિવસે મારી તબિયત સંપૂર્ણ સુધરી ગઈ. પાંચ દિવસ બાદ ગળામાં દુઃખાવો શરૂ થયો. ફરી ડૉકટરને બતાવ્યું. તેમણે એકસ-રે લેવા કહ્યું. ચાર એકસ-રે લીધા. ડૉકટરી રીપોર્ટ નીલ આવ્યા! ડૉકટરે મને પૂછ્યું કે તમોએ કોઈ પણ બીજા ડૉકટરની ટ્રીટમેન્ટ લીધી છે? મેં ના કહી. તેઓ પણ વિચારમાં પડી ગયા. મારી દવા ગુરુદેવનું અભિમંત્રિત જળ જ હતું.

મા ગાયત્રીની અસીમ કૃપાથી અને પૂ. ગુરુદેવના આશીર્વાદથી હું ઓપરેશનમાંથી ઊગરી ગયો છું.'

— શ્રી શાન્તિભાઇ

□


મા ગાયત્રીની કૃપા અને પૂ. શાસ્ત્રીજીના આશિષ અમ સૌ પર અવિરતપણે વરસતા રહો એવી અભ્યર્થના સહિત

**NARENDRA PROCESSING INDUSTRIES**

Tele. : Factory : 34066, 34067 * Resi. : C/o 24889

33-1, Plot No. 1, Behind Sub-Jail, Khatodra,

SURAT - 395 002

# જ્ઞાનગોષ્ઠિ

**પ્રશ્ન :** મંદિરમાં જઈએ ત્યારે ઈષ્ટદેવ–માતાજીની મૂર્તિ સામે બે હાથ જોડી, આંખો બંધ કરી, મસ્તક નમાવી કંઈક માંગવાનો શિષ્ટાચાર છે. આરતી વેળાએ ઘણા ભાવિક ભક્તોની ભીડ જામી હોય છે અને દરેક જણ મનોમય પરમાત્માને કંઈ ને કંઈ વિનંતી કરતા હોય છે જેવી કે,

'હે મા ભગવતી, મને સુખી રાખજે, સુખસંપત્તિ આપજે, મારું સ્વાસ્થ્ય સારું રાખજે, મારા દીકરાને ઘેર પારણું બંધાય, મારું કુટુંબ આબાદ બને, મારાં તમામ સ્વપ્નો સાકાર બને, મને મહાન બનાવજે, વગેરે વગેરે ...'

ગુરુદેવ, મારે શું માંગવું? ઉપરોક્ત માગણીઓ શું સાચી અને શાશ્વત છે?

**ઉત્તર :** ભૌતિક સુખ જ જીવનની ઇતિશ્રી નથી. ભક્તિની શરૂઆતમાં ભક્ત–ઉપાસક પરમાત્મા–ઈષ્ટદેવ પાસે એટલું માગે છે કે,

"મને બાળક જેવો નિર્મળ, નિર્દોષ રાખજે."
"મારા હૃદયમાં હંમેશાં તારો વાસ કરજે."
"મારી બુદ્ધિમાં તારું જ જ્ઞાન સ્થિર કરજે."
"મન, વચન કર્મથી તારા નિયંત્રણમાં રાખજે."
"મારું સમસ્ત અસ્તિત્વ અને વ્યક્તિત્વ તારામાં જ સમાવિષ્ટ કરી દેજે."

ઉપાસનાના પ્રથમ તબક્કે પરમાત્માની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી મા-બાળકનો સંબંધ કેળવવો.

ભક્તિના વહેણમાં ગતિ કર્યા પછી ભક્તે–ઉપાસકે કાંઈ જ માંગવાનું રહેતું નથી. ભક્તિની પરાકાષ્ટા વધતી જાય તેમ ભક્ત બાળક જેવો નિર્મળ અને નિર્લેપ બનતો જાય છે અને ત્યારે પરમાત્માએ પરાણે ભક્તનું ધ્યાન રાખવું પડે છે. બાળકના રુદનનો એક અવાજ માને વિહ્વળ બનાવી દે છે તેવી જ રીતે ભક્તના હૃદયનો એક પોકાર, ભક્તના હૃદયમાંથી વહેતાં પ્રેમાશ્રુ પરમાત્માને વિહ્વળ બનાવી દે છે અને પરમાત્માએ પ્રત્યક્ષ હાજર થવું પડે છે.

આપણી ભક્તિની પારાશીશીનું માપ આપણી પાસે જ છે. મંદિરમાં દર્શન કરતાં પ્રેમાશ્રુ વહેવાં જોઈએ અને વાચા હણાઈ જવી જોઈએ. આપણું મન, બુદ્ધિ અને સમસ્ત અસ્તિત્વ પરમાત્મામાં એકાકાર થઈ જવું જોઈએ અને ત્યારે વણમાગ્યે મંદિરમાંથી પાછા ફરેલા ભક્તની સંભાળ માટે પરમાત્મા ભક્તની પાછળ તેની સંભાળ લેવા માટે જાય છે.

મંદિરમાં આવનારા ભક્તોમાં ૯૯ ટકા ભક્તો ભૌતિક સંપત્તિની માગણીની લાઈનમાં ઊભા હોય છે. બાકીના એક ટકા ભક્તને માટે ભગવાને જાતે જવું પડે છે એટલે લાઈનમાં ઊભેલા ભક્તોને નકુ રાહ જોવી પડે છે.

**પ્રશ્ન :** પૂજ્ય ગુરુદેવ, હું સત્સંગમાં કથાવાર્તા સાંભળું કે ધાર્મિક વાચન કરું ત્યારે ઘણી વખતે એક શબ્દ "અંતઃકરણ", "અંતરનો અવાજ" મારા સાંભળવામાં, વાંચવામાં વારંવાર આવે છે. આ અંતઃકરણ શું છે? એ ક્યાં વસે છે? એનું આટલું બધું મહત્ત્વ શા માટે?



Scanned by CamScanner

**ઉત્તર :** પૂજ્યશ્રીએ બહેનજી તરફ દૃષ્ટિ ફેરવી પ્રશ્નકર્તા ભાઈને આ બાબતમાં સમજાવવા માટે મૂક આદેશ કર્યો. અંતઃકરણ એટલે આપણા આત્માનો આવાજ. આપણા જીવનમાં–શરીરમાં તેનો વાસ છે. " આત્મા સો પરમાત્મા "–આપણો આત્મા એ પરમાત્માનો અંશ છે. આપણું અંતઃકરણ પરમાત્મ તત્ત્વથી વિભૂષિત થયેલું છે એટલે એનું મહત્ત્વ વધારે છે.

પરમાત્માએ મનુષ્યને જ આ મૂલ્યવાન વસ્તુ–અંતઃકરણ–આપ્યું છે. ઘણી વખતે આપણે મૂંઝવણમાં હોઈએ, ઊગરવાની કોઈ પણ દિશા સૂઝતી ન હોય ત્યારે આપણે આપણા અંતરના અવાજ–અંતઃકરણની પ્રેરણા પ્રમાણે કાર્ય કરીએ છીએ. આવે સમયે ઊંડા અંતરતલમાંથી પરમાત્માને પ્રાર્થના કરી હોય, તો પરમાત્માની અગોચર વાણીનો પડઘો આપણા અંતઃકરણમાં પડે છે.

અંતઃકરણ એ આપણા શરીરમાં એકાંત, પવિત્ર ઓરડો છે, જેમાં આપણે અંતર્મુખ થઈને પરમાત્મા સાથે વાતો કરી શકીએ છીએ. ભૂલોનો એકરાર કરી શકીએ છીએ. આ ઓરડામાં આપણે આપણી જાતે સારા–ખોટાં કર્મોનો ન્યાય તોલી શકીએ છીએ. આપણા શરીરમાં બધી જ જગ્યાઓ કલુષિત, દૂષિત થઈ શકે છે, પરંતુ અંતઃકરણ એ કાદવમાં રહેલા કમળ સમાન છે. ષડ્‌રિપુઓ તેને સ્પર્શી શકતા નથી. પરંતુ આપણે જો ષડ્‌રિપુઓનાં દુષ્કૃત્યોથી ઘેરાઈ ગયા હોઈએ તો અંતઃકરણ સુધી પહોંચી શકાતું નથી કે તેમાંથી નીકળતો અવાજ સાંભળી શકાતો નથી. અંતઃકરણને પીછાણવા માટે નિર્દોષતા હાંસલ કરવી પડે.

એટલા માટે જ દૈનિક ઉપાસના, પ્રાર્થના, સત્સંગ દ્વારા અંતઃકરણના રાહને નિર્મળ અને સાત્ત્વિક બનાવીએ અને તેમાંથી ઊઠતાં સાત્ત્વિક આંદોલનોને આત્મસાત્ કરીએ.

એક અતિ તેજસ્વી બાળકે ગુરુદેવને પ્રશ્ન કર્યો :

**પ્રશ્ન :** પૂજ્ય ગુરુદેવ, બધાં કહે છે કે આપણો કલિયુગમાં જીવી રહ્યાં છીએ, કલિયુગ વ્યાપી રહ્યો છે વગેરે વગેરે. તો આ કલિયુગ એટલે શું ?

**ઉત્તર :** અલ્પ પ્રદાન અને અધિક પ્રચાર એનું નામ કલિયુગ. અસત્યને આવકાર મળે અને સત્યની પીછે હઠ થાય, નીતિમત્તાનાં મૂલ્યોનો હ્રાસ થાય, અનીતિના હાથમાં રાજ્ય અને સમાજની ધૂરા હોય તેનું નામ કલિયુગ.

□


શ્રી ગાયત્રી માતાજીની કૃપા અને પૂજય ગુરુદેવના આશિષની અભ્યર્થના

**અંબિકા સોપ ફેકટરી એન્ડ ટી ડીપો**

અલયાવાડી, માળી ફળિયા;

ફોન : ઓફિસ : ૨૯૧૯૪, ૩૬૩૦૬, ૨૩૮૪૯ * ઘર : ૨૩૯૧૨, ૩૩૬૩૦, ૨૪૦૪૧

# પ્રાર્થના

[ ઢાળ : ઓમ્ પાહિ ઓમ્ ભગવતી ભવદુઃખ કાપો ]

આવી ઊભો તમ શરણુ લઈ હાથ ખાલી
ને સાથ શીશ, અંતર એવું ઝાલી,
કળતી ઘણી ગહન–કર્મ ગતિ મને, તો
લેજો સદા સદ્–ગુરુ શરણે તમારી ....૧

બોલી સખા સમ સદા, દે હાથતાળી
ઘેરી પછી ષડ્રિપુ રહેતા નિહાળી
આરો નથી ઊગરવા કંઈ યે મને તો,
લેજો સદા સદ્–ગુરુ શરણે તમારી ....૨

પ્રારબ્ધ, સંચિત્, ક્રિયમાણ શકું ન ટાળી
ચોરાસી લક્ષ ફરતાં ગઈ હામ હારી
લપસી જવાય, ભૂમિ કર્મ–કળણ ભરી, તો
લેજો સદા સદ્–ગુરુ શરણે તમારી ....૩

પ્રારંભ 'હું' કહી કરું પ્રતિદિન ખાલી
કારણ કળી નહીં શકું, નહીં કર્મ ટાળી
ના ભેદ ભાવિ ભવ વિશે ભાળી શકું તો,
લેજો સદા સદ્–ગુરુ શરણે તમારી. ....૪



તપી ત્રિવિધ તન દે, (જી)વન દે પીગાળી
'શ્રદ્ધા' તપી ટળવળી થૈ શાસ્ત્રીજી ભારી
વીંઝે છતાં મન ઘણો વીંઝણો અહીં તો,
લેજો સદા સદ્–ગુરુ શરણે તમારી ....૫

શ્રદ્ધા સદા સ્થિર કરો, શરણે તમારી
વાયુ ફૂંકો ! ગતિ કરે ભવનાવ મ્હારી
કુબુદ્ધિના ક્રમ થકી કળ ના વળી તો,
લેજો સદા સદ્–ગુરુ શરણે તમારી ....૬

કંઈ એષણા ઘર ગણી રહી છે જ મ્હાલી
ને રાગરંગ રમતા રસવૃત્તિ ભાળી
ભૂલ્યો છું ભાન–'ભવ તને ભૂંસી' જવું તો
લેજો સદા સદ્–ગુરુ શરણે તમારી ....૭



Scanned by CamScanner

સિંહાસને, સદ્ – ગુરુ ! શશિના વિરાજી,
'ક્ષય–વૃદ્ધિ'ને દૂર કરી, કરી પૂર્ણ, રાજી
આપ્યાં એ દાન, વરદાન દઈ મને તો
લેજો સદા સદ્ – ગુરુ શરણે તમારી ....૮

કરજો હે બાળ ! કરુણા કંઈ યે તમારી
જોવા મળે કંઈ મને જનની તમારી
પુરુષાર્થ ચાર પરિપૂર્ણ પમાય તો, તો
લેજો સદા સદ્ – ગુરુ શરણે તમારી ....૯

નિર્મળ 'નીલોષા' જીગરે વસતા઼ ઓ ભેખધારી
ઓ શાંત શુદ્ધ સ્થિર સદા સૌભાગ્યકારી
નયનો અભિમુખ કરો નયનાભિરામી
લેજો સદા સદ્ – ગુરુ શરણે તમારી ....૧૦

કે શાસ્ત્રસાર સઘળા તમ નામધારી
વહાલપ વધુ વહી રહ્યાં મા વેદધારી
ખાલી કરી 'વટ' વળી 'ઘટ' જ્ઞાન દેવા
લેજો સદા સદ્ – ગુરુ શરણે તમારી ....૧૧

ના શક્તિ છે સમજ્યા શાસ્ત્રીજી તોય
ના ભક્તિ છે ભીંજવવા તલભાર તોય
છે મસ્તી તો મન થકી, મનભાવ ! તેથી
લેજો સદા સદ્ – ગુરુ શરણે તમારી ....૧૨

— સતીશ ભટ્ટ




પૂ. ગુરુદેવના આશીર્વાદની અભ્યર્થના સહિત

**આરતો ટ્રેડર્સ**

જનરલ મરચન્ટ

'ભગવતી'

ઉદવાડા – Rs. ૩૯૬૧૮૫




Scanned by CamScanner

# સમાચાર

**અ. પૂજ્ય ગુરુદેવનો કાર્યક્રમ :**

(૧) મુંબઈમાં તા. ૨૫-૧-'૮૬ થી તા. ૨૬-૧-'૮૬ શનિ-રવિવાર
સમય : ૧૨-૦૦ થી ૫-૦૦ વાગ્યા સુધી.
સ્થળ : ગંગાદાસ વાડી, બાબુલનાથ મંદિરની પાસે, મુંબઈ.

(૨) સુરતમાં તા. ૧૬-૨-'૮૬ રવિવાર : પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ.
સમય : સવારે ૧૦-૦૦ થી ૫-૦૦ વાગ્યા સુધી પૂજ્ય ગુરુદેવ હાજરી આપશે.
સ્થળ : C/o. શ્રી જસુભાઈ દોલતભાઈ દેસાઈ, મહેતા એન્ડ સન્સ પેટ્રોલ પંપ, મરોલી ચાર રસ્તા, મરોલી, જિ. વલસાડ

× × ×

તા. ૧૭-૨-'૮૬ થી તા. ૧૮-૨-'૮૬ સોમવાર અને મંગળવાર, વ્યકિતગત મુલાકાતનો કાર્યયજ્ઞ.
સમય : સવારે ૧૧-૦૦ થી ૪-૦૦ વાગ્યા સુધી.
સ્થળ : ત્રિકમનગર કો. ઓ. હાઉસિંગ સોસાયટી, બંગલા નં. એ/૬, લંબે હનુમાનરોડ, દર્પણ સીનેમાની સામે, સુરત.

**બ. ૧૯૮૬ ના વર્ષનું આપનું લવાજમ રીન્યુ કરાવી લેશો.**

□




મા ગાયત્રીની કૃપા

શ્રી ગણેશ ટ્રેડર્સ

'ભગવતી'

★

ઉદવાડા-Rs. ૩૯૬૧૮૫



પ્રખર ગાયત્રી-ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી

Scanned by CamScanner

# પૂજ્ય ગુરુદેવની મુલાકાત

* આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈપણ વ્યક્તિ, જ્ઞાતિ, જાતિ, સમ્પ્રદાય કે ધર્મનાં બન્ધનો સિવાય વિનામૂલ્યે પૂજ્ય ગુરુદેવની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પ્રત્યક્ષ મુલાકાત શકય ન બને તો પણ પૂજ્ય ગુરુદેવના આદેશ અનુસાર ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ : 'નીલોબા' બંગલો,
ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલમોર ફ્લેટ્સ પાછળ, ગુલબાઈનો ટેકરો,
અમદાવાદ-૧૫.

સમય : બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)

**શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.**

* પૂજ્ય ગુરુદેવ આપના પત્રો વાંચે છે, પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.

* શારીરિક-માનસિક રોગો માટે પૂ. ગુરુદેવ જીવનજળ આપે છે. સ્વચ્છ ખાલી બાટલી સાથે લાવવી, જેથી અભિમંત્રિત જીવનજળ આપી શકાય.

Scanned by CamScanner